શ્રી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

વહોરા સમાચાર

આપણી જિંદગી

જિંદગીમાં માણસ કોઇપણ રસ્તે ચાલે, કોઇ પણ મંજિલે પહોંચવાની ખ્વાહિશ રાખે અને ત્યાં પહોંચે પણ ખરો, પરંતુ અહીં યાદ એ રાખવાનું છે કે સુખ સફરના કોઇ છેડે આવેલું નથી. એ તો સફર સાથે જ સંકળાયેલું છે. કવિ ઇકબાલની પંકિતઓ છે.

હર એક મુકામ સે આગે મુકામ હૈ તેરા,

ઝિંદગી ઝૌક - એ - સફર કે સિવા કુછ ભી નહીં.

સફરમાં સુખ અને દુ:ખ બંને રહેવાનાં, એમાંથી સુખને તારવી લેવાનું છે. ઘણીવાર રસ્તો પાકો હોય છે, પણ એ જુદી જ મંજિલે લઇ જતો હોય છે. એટલે મંજિલે પહોંચવાનો આનંદ કદાચ ન પણ મળે, પરંતુ એવા વખતે પણ રસ્તાના પ્રવાસનો આનંદ તો લઇ જ શકાય છે. ઘણીવાર રસ્તો ઝાડી-ઝાંખરાંવાળો કાચો હોય, તકલીફ આપનારો હોય તો એવા વખતે મંજિલે પહોંચવાનો આનંદ માણી લેવો જોઇએ અને માણસે માત્ર ચાલવાનો જ નહીં, પોતાની કેડી કંડારવાનો પણ પ્રયત્ન કરતા રહેવું જોઇએ. એમાં નિષ્ફળતા મળે તો કુદરતની પ્રચંડ શકિત સામે આપણે ઘણા વામણા છીએ એમ સ્વીકારી લેવું જોઇએ અને એ જે રસ્તે લઇ જાય એ રસ્તે ચાલવા માંડવું જોઇએ. જે ચાલે છે એ પહોંચે છે.

■ મસ્ત મંગેરા

રબીઉલ આખર ૧૪૪૭ ઓકટોબર - ૨૦૨૫ તંત્રી: મસ્ત મંગેરા

www.ssvmes.org www.vohratimes.org
vohrasociety@gmail.com
vohrasamachar@gmail.com vohrasamachar@yahoo.com

જઝાકુમુલ્લાહ

એક અનુકરણીય કદમ

સોસાયટીના ઘણા સ્કોલરો એવા હોય છે કે જેઓ ભણીને નોકરી ધંધે લાગે કે તરતજ સોસાયટીમાંથી સ્કોલરશીપ સ્વરૂપે લીધેલી મદદમાં વધુ રકમ ઉમેરી પરત મોકલે છે. એવાજ **કોસમડી**ના વતની **જ. ઝીયાઉદ્દીન ઇસ્માઇલ પટેલ સા.** એ એમની દિકરીઓ **જમીલા પટેલ** - એમ.ફાર્મ તેમજ **જૈનબ પટેલ** - એમ.ફાર્મ માટે સોસાયટીમાંથી **રૂા.૨,૮૦,૦૦૦/-** સ્કોલરશીપ લીધી હતી, જે પૈકી **રૂા.૭૦,૦૦૦/-** બાકી હતા તે પણ જમા કરાવતા પુરેપુરી સ્કોલરશીપ એમણે **જનાબ આદમભાઇ પાંચભાયા સા., દઢાલ** હસ્તે પરત કરી છે. **જઝાકુમુલ્લાહ.** અલ્લાહ તઆલા એમને ખુબ તરકકી અતા ફરમાવે અને એમની નેક કમાઇમાં ખુબ બરકત અતા ફરમાવે. આમીન.

માજી સ્કોલરો માટે એક અનુકરણીય કદમ ઉઠાવ્યુ છે. (ભુતકાળમાં પણ ઘણા માજી સ્કોલરોએ લીધેલ સ્કોલરશીપની રકમ પરત કરી છે.)

આ તકે સોસાયટીના માજી સ્કોલરોને પણ અપીલ કરી રહયા છીએ કે જો સારી હાલતમાં હોય તો આપણી સંસ્થાને મદદરૂપ થવા નમ્ર ગુજારીશ છે.

અલ્લાહપાક મદદ આપનારા અપાવનારા સર્વેને બહેતરીન બદલો બન્ને જહાનમાં આપે.આમીન.

- **જ. લીયાકતઅલી ઇબ્રાહીમ પટેલ સા. હરણગામ** તરફથી **રૂા. ૫૮,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **જ. યુસુફ મીયાં માયત સા. સુરખાઇ** હસ્તે મળ્યા છે.
- **કે. પી. હ્યુમન ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન સુરત** તરફથી **રૂા. ૪૦,૦૦૦/-** સોસાયટીના **સદકાફંડ**માં મળ્યા છે.
- **જ. કાસીમ ઐયુબ અચ્છા સા. બરબોધન** તરફથી **રૂા. ૧૨,૦૦૦/-** સોસાયટીના બેવાફંડમાં **જ. ઇકબાલભાઇ નાના સા.** હસ્તે મળ્યા છે.

	ઝકાત	
૭૦૦૦	જ. ઇકબાલ મેહમુદ મામસા સા.	મુંબઇ
૭૦૦૦	મોહ. સલમા મેહમુદ મામસા સા.	મુંબઇ
૬૦૦૦	જ. યુસુફ ઇદ્રીસ મામસા.	મુંબઇ
૬૦૦૦	મોહ. અસ્મા ઇકબાલ મામસા સા.	મુંબઇ
૨૦૦૦	જ. શબ્બીર ઇકબાલ મામસા સા.	મુંબઇ
૨૦૦૦	જ. અબુબકર ઇકબાલ મામસા સા.	મુંબઇ
૨૦૦૦	જ. આસીફ ઇકબાલ મામસા સા.	મુંબઇ
૬૦૦૦	મોહ. અસ્મા ઇકબાલ મામસા સા.	મુંબઇ
૫૦૦૦	જ. મહમુદ ઇબ્રાહીમ ભાયાત સા.	નવસારી
	સદકા	
૨૦૦૦	જ. ઇકબાલ મેહમુદ મામસા સા.	મુંબઇ

અલ્લાહપાક એમની આ નેક ખૈરાતોને કબૂલ ફરમાવી એનો બહેતરીન બદલો બન્ને જહાંનમાં અતા ફરમાવે. આમીન.

જોઇએ છે

- **ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરત ની ઓફીસ માટે પટાવાળાની જરૂર છે. ઇચ્છા ધરાવનાર વ્યકિતએ દિન ૧૦ માં નીચે આપેલ સરનામા ઉપર અરજી કરવી.**
- **આપણી એ.ઇ.ગંગાત હોસ્ટેલ,કોંઢ માટે મોલસાબ તથા વોચમેન ની જરૂર છે. ઇચ્છા ધરાવનાર વ્યકિતએ દિન ૧૦ માં નીચે આપેલ સરનામા ઉપર અરજી કરવી.**

પ્રમુખ / સેક્રેટરી

ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી

સુફીબાગ, રેલ્વે સ્ટેશન સામે, સુરત - ૩૯૫૦૦૩

વહોરા સમાચાર

■ **હદીષ**

આપ (સ.અ.વ.) ને ફરમાયાઃ

ઇન્સાન જબ સુબહ કરતા હે તો ઉસકે સારે આઅઝા (અંગ) ઝુબાન કે સામને આજિઝી કરતે હૈં ઓર કેહતે હૈ : તુ હમારે બારે મેં અલ્લાહ સે ડર ! ઇસ લિયે કે હમ તેરે સાથ હૈં, અગર તુ સીધી રહી તો હમ સબ સીધે રહેંગે ઓર અગર તુ તેઢી હુઇ તો હમ સબ ભી તેઢે હો જાયેંગે.

(તિરમિઝી : ૨૪૦૭)

અંક : ૧૦

માસ : ઓક્ટોબર - ૨૦૨૫

માહે : રબીઉલ આખર ૧૪૪૭

તંત્રી : મસ્ત મંગેરા

■ **સુવિચાર**

● ઘણા બધા ગુણો હોવા છતાં,
માત્ર એક જ અવગુણ બધું નષ્ટ કરી શકે છે !!

● આ દુનિયામાં એવું કશું નથી કે જે તમને મુશ્કેલીમાં મુકી શકે....
સિવાય કે તમારા પોતાના શબ્દો કે વિચારો....

■ તંત્રી સ્થાનેથી...!

આજે ભારતમાં મુસ્લિમ સમાજની હાલત

આર્થિક સ્થિતિ

- મૂડી નથી, તેથી વિકિસત ધંધો નથી.
- મોટા ભાગના લોકો રિક્ષા ચલાવવી, ટાયર પંક્ચર, બિરીયાની,ચિકન-મટન જેવી લારીઓ કે નાના વેપાર સુધી સીમિત છે.
- ઉદ્યોગ કે નોકરીમાં આગળ વધવાની ઇચ્છા ઓછી.
- જમીન વેચીને જ ટકાવવાનો ટેકો. જેના પરિણામે પૈસા ઉડી જાય, ભવિષ્ય બાકી રહે.

શૈક્ષણિક સ્થિતિ

- ગામડાઓમાં છોકરીઓ અને છોકરાઓ બંનેને શિક્ષણમાં ઓછું પ્રોત્સાહન.
- ઉચ્ચ શિક્ષણ માટે ન અપાતી પ્રેરણા.
- ઘણા પરિવારો ૮ થી ૧૦ ધોરણ પછી બાળકોને સ્કુલ છોડાવે છે.
- અંગ્રેજી, કોમ્પ્યુટર, ડિજિટલ નોલેજ નથી.

સામુહિક પડકારો

- સાચા નેતૃત્વ અને ગાઇડન્સનો અભાવ.
- સ્ત્રીઓની ભૂમિકા ખૂબ જ મર્યાદિત - ન ભણાવવી, ન આગળ લાવવી.
- નાના કામને જીવનનો અંત સમજી લેવુ.
- જે આગળ વધે છે, તેને ખેંચી નીચે લાવવાનો દબાણ.

મૂળભૂત માનસિકતા

- ભેદભાવ અને બહારની દુનિયાથી ડર.
- જુની માન્યતાઓને ઝપટીને બેઠા - હવે કોઇ નોકરી નથી મળવાની
- ભણવાથી શું મળશે ? એવી નકારાત્મક માનસિકતા.
- મોટાભાગે સમાજ જેમ ચાલી રહયું છે એમ ચાલવા દે વાળું બનેલું છે.
- સમયનો ખોટો ઉપયોગ-ખાસ કરીને યુવાનો સોસિયલ મીડીયા અને મોબાઇલ માં જ વ્યસ્ત. (ક્રમશ)

■ મસ્ત મંગેરા (કાંગવઈ)

E-mail : mastamangerakangwai@yahoo.com
Mob : 9426771991

તંત્રી,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ('મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ,ઈન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન:- વહોરા સમાચાર,કાર્યાલય સ્થળ :- સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે,સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :-ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

નેકી, તારાં નવલખ રૂપ

- મુસાજી દીપક બારડોલીકર

અલ્લામા શિબ્બી નુઅમાનીએ તેમના ગ્રંથ અલ-**મામૂન** માં નોંધ્યા પ્રમાણે ઇ.સ. ૮૧૨ માં મામૂનની ઘણીખરી ફ ોજ બગદાદની કિલ્લાબંધીમાં વ્યસ્ત હતી. આમ છતાં પૂર્વ દિશામાંના દેશોમાં તેની મહાનતાની અસરો સફળતાપૂર્વક ફેલાઇ રહી હતી. તેણે કાબુલમાં લશ્કર ઉતાર્યું તો ત્યાંના રાજવીએ ઇસ્લામ ધર્મ અંગીકાર કરી લીધો અને તાજ તથા તખત મામૂન માટે ભેટ ધરી દીધાં. તેણે આવી દરખાસ્ત પણ કરી કે કાબુલ તથા કંદહારને ખિલાફતે-ખુરાસાનના જિલ્લા તરીકે દાખલ કરી લેવામાં આવે.

ઇસ્લામી ફતેહોનો સયલાબ તો આ પૂર્વે પણ આ બુલંદ કોહિસ્તાની પ્રદેશમાંથી પસાર થયો હતો. પરંતુ આ ગૌરવ મામૂનના ભાગ્યમાં લખ્યું હતું કે તેની ચઢાઇના પ્રતાપે કાબુલના રાજવીએ ઇસ્લામ ધર્મ અપનાવી લીધો. આ કારણ હતું કે કાબુલ, કંદહાર, ગઝની વગેરે અફઘાન પ્રદેશમાંથી બૂતપૂજાનો અંત આવી ગયો અને એ સમગ્ર દેશ હંમેશ માટે એક ઇસ્લામી દેશ બની ગયો.

સિંધ તો એનાથી બહુ પહેલાં બની ઉમૈયાના સમયમાં ઇસ્લામી સામ્રાજ્યનો એક ભાગ બની ગયું હતું. મન્સૂર અબ્બાસીના કાળમાં તેના સત્તાધીશોએ સિંધમાં એક નવું શહેર વસાવ્યું હતું, જેનું નામ **મન્સૂરા** હતું. સિંધના ગવર્નરોનો મુકામ મન્સૂરામાં રહેતો હતો. મામૂનના સમયમાં મૂસા બિન યહયા બરમકી સિંધનો ગવર્નર હતો.

ઘણું કરીને એ જ કાળમાં (ઇ.સ.૦૮) તિબેટ વિભાગના એક રાજવીએ પણ ઇસ્લામ ધર્મ સ્વીકાર્યો હતો, જેણે સોનાનો હીરાજડિત તાજ અને તેનું કીમતી તખત કાબા શરીફને ભેટ ધરવા માટે ખલીફા મામૂનને મોકલી આપ્યાં હતાં. - **શિબ્લી નુઅમાની**

(અલ-મામૂનના આધારે)

સવાર મારો દીવો

હદીસે કુદસીમાં છે કે અલ્લાહ-તઆલાએ હઝરત મૂસા (અલૈ.) ને કહયુંઃ ધનને તમારી પાસે આવતું જુઓ તો તેને કહેજો કે - પાપની શિક્ષા બહુ જલદી આવશે અને ગરીબીને તમારી પાસે આવતી દેખો તો કહેજોઃ હું તને આવકાર આપું છું, ધર્મિષ્ઠ માણસની નિશાની! તારો આભાર!

અને અગર તમે હઝરત ઇસા (અલૈ.) ને અનુસરવાનું પસંદ કરો તો તે આમ કહેતા હતાઃ ભૂખ એ મારો રસો છે, અલ્લાહનો ડર એ મારી નિશાની છે, સુફનું કપડું એ મારો લિબાસ છે, શિયાળામાં સૂરજનાં કિરણો એ મારો અન્નપુરવઠો છે, સવાર એ મારો દીવો છે, મારા પગ એ મારું વાહન છે અને જમીન જે કંઇ પેદા કરે છે તે મારો ખોરાક છે. હું કશીયે વસ્તુ લીધા વિના રાતો પસાર કરું છું અને મારા દિવસો હું કશું સ્વીકાર્યા વગર વિતાવું છું. મારા કરતાં વિશેષ ધનવાન કોણ છે ?

- ઇમામ ગઝાલી

(ઇહયાઅ-ઉલૂમુદ્દીન-ગઝાલી)

ઘમંડી કચડાશે

આ વાતને બરાબર સમજી લો કે ઘમંડ કરવો અને પોતાની જાતને મોટી માનવી એ એક બૂરી ટેવ છે. વાસ્તવમાં એ અલ્લાહ સાથે દુશ્મની કરવા બરાબર છે, કેમકે મોટાઇનો સાચો હકદાર તે (અલ્લાહ) છે અને આ સંદર્ભે કુરઆને કરીમમાં ઉદ્ધત અભિમાનીઓને વખોડવામાં આવ્યા છે. સૂરહ ધાફિરમાં ઇર્શાદે રબ્બાની છે કેઃ

આ રીતે અલ્લાહ દરેક ઉદ્ધત જાલિમના હૃદય ઉપર મહોર મારી દે છે (જેથી તેઓ સીધા, સન્માર્ગ પ્રતિ માર્ગદર્શન મેળવી શકતા નથી).

(૩૫) ધાફિર-૪૦

અને સૂરહ ઇબ્રાહીમમાં ફરમાવ્યું છે કે:

અને દરેક હઠીલો ઉદ્ધત સંપૂર્ણ નિષ્ફળતા અને વિનાશ ભેગો થઇ ગયો.

(૧૫) સૂરહ ઇબ્રાહીમ-૧૪

અભિમાન સંદર્ભે રસૂલે અકરમ (સ.અ.વ.) ફરમાવ્યું છે કે જેના હૃદયમાં રાઇના દાણા જેટલુંયે અભિમાન હશે તે જન્નતમાં જશે નહીં. અને વિશેષમાં ફરમાવ્યું છે કે જે માણસ પોતાની જાતને મહાન સમજવાની ટેવ રાખે છે તો તેનું નામ અભિમાનીઓની યાદીમાં લખવામાં આવે છે અને જે શિક્ષા અભિમાનીઓને કરાશે એ જ શિક્ષા તેને પણ થશે.

એક હદીસમાં નબીએ કરીમે (સ.અ.વ.) ફરમાવ્યું છે કે અભિમાનીઓની દશા કીડીઓ જેવી થશે. આ કમનસીબીને કારણે તેઓ (કીડીની જેમ) લોકોના પગ તળે રગદોળતા-કચડાતા રહેશે અને તેમની આ દુર્દશા અલ્લાહ-તઆલા સમક્ષ થશે. તો શું આ ઓછી રૂસ્વાઇ છે? અલ્લાહ એવી રૂસ્વાઇથી બચાવે.

હઝરત સુલૈમાન (અલૈ.) નો કોલ છે કે જે ગુનાને કોઇ ઇબાદત લાભકારક થઇ શકતી નથી તે ગુનો અભિમાન છે.

(પુસ્તક: કીમિયાએ સઆદત)

ભૂખ અને ભોજન

જમવા બેસો છો?- તો સૌ પ્રથમ ખાતરી કરી લો કે તમારો ખોરાક સ્વચ્છ છે, પવિત્ર છે, હલાલ છે અને ત્યાર પછી હાથ ધોઇને શાંતિથી બેસો ને પરવરદિગારનું નામ લઇને, બિસ્મિલ્લાહ પઢીને ખાવાની શરૂઆત કરો. ઉતાવળ કરશો નહીં. આરામથી, જમણા હાથથી જમો. કોળિયા નાના લો અને ખોરાકને બરાબર ચાવો કે એમ કરવાથી ખોરાકની સાચી લિજ્જત મળે છે ને ખોરાક સહેલાઇથી હજમ થઇ જાય છે.

ભોજન રુચિકર ને લહેજતદાર હોવું જોઇએ. પણ પેટ ભરીને, અકરાંતિયાની જેમ જમવું હિતાવહ નથી હોતું. એનાથી કબજિયાત થાય છે અને કબજિયાત રોગોની જનેતા હોય છે. ખોરાક એટલો સારો કે જે શરીરને સ્વસ્થ રાખી શકે. નબી કરીમે (સ.અ.વ.) ફરમાવ્યું છે: ઇબ્ને આદમના માટે થોડા કોળિયા પૂરતા છે, જે તેને ઊભો રાખી શકે.

(ઇબ્ને માજા)

તમારી ભોજનની થાળી, ચમચીઓ, પ્યાલા, ગ્લાસ, જગ વગેરે સ્વચ્છ, પવિત્ર હોવાં જોઇએ. કેટલાક લોકોને રસોઇમાં દોષ શોધવાની કુટેવ હોય છે. આવી ચૂંથીખોરી ઇચ્છવા યોગ્ય નથી. રસોઇ સારી લાગે તો ખુશીથી જમો. રસોઇની, રસોયાની પ્રશંસા કરો અને અગર ઠીક ન લાગે તો તજી દો, પણ દોષ કાઢો નહીં. હઝરત અબૂ હુરયરહ (રદિ.) વર્ણવે છે કે અલ્લાહના રસૂલ (સ.અ.વ.) કયારેય અન્નની બુરાઇ કરતા ન હતા. ઠીક લાગે તો જમી લેતા. ઠીક ન લાગે તો તજી દેતા.

(અબૂ દાવૂદ)

અને જમણના અંતે આપણા પાલનહાર અલ્લાહ-તઆલાનો આભાર માનો કે એ તે જ છે જે આપણને ઉમદા આજીવિકા પૂરી પાડે છે. ફરમાને ઇલાહી છે: ઓ શ્રદ્ધાવાનો! સારી (પવિત્ર) વસ્તુઓમાંથી જમો, જે અમે તમને પૂરી પાડી છે અને અલ્લાહનો આભાર માનો, અગર એ તે છે, જેની તમે ઇબાદત કરો છો.

(૧૭૨) અલ-બકરહ-૨

અને અંતે રહમતુલ-લિલ-આલમીન હઝરત મુહમ્મદ (સ.અ.વ.) નો આ કોલ કે અમે ભૂખ વગર જમતા નથી અને (અકરાંતિયાની જેમ) પેટ ભરીને ખાતા નથી.

(સંકલન) **(ક્રમશ)**

આધ્યાત્મિક સફર

ઉર્દૂ લેખક: મૌ.ઇફતિખારઅહમદ કાસિમી સમસ્તીપૂરી

અનુવાદક : યુસુફખાન પઠાણ (ગુંજાવાળા)

અર્થાત્: દુ:ખ ત્યાં સુધી બાકી રહે છે, જયાં સુધી પાપ બાકી રહે છે. પાપનો ત્યાગ કરતાં જ દુ:ખનું કારણ જ બાકી રહેતું નથી.

તમામ ખુશીઓ, આનંદ (મનોવિનોદ) અને બક્ષીસોનો મુખ્ય શ્રોત અલ્લાહ તઆલાની ઝાતે મુબારક (સ્વયં-અલ્લાહ) છે, તેથી જયાં સુધી અલ્લાહ તઆલા સાથે સંપર્ક અને સંબંધ કાયમી ધોરણે પ્રસ્થાપિત ન થાય ત્યાં સુધી આ વસ્તુઓ પ્રાપ્ત થઇ શકતી નથી અને એની (અલ્લાહ તઆલાની) સાથેના સંબંધનો ઇલાજ એ જે છે કે ગુનાહો ત્યજી દેવામાં આવે અને નેકીઓને પોતાની આદત બનાવી લેવામાં આવે. એવા લોકો કે જેઓ ગુનાહોથી નફરત કરે છે અને નેકીઓમાં-સારા કાર્યો કરવામાં આનંદ (મનોવિનોદ) (મેળવે છે) પામે છે, એવા લોકો જ કુર્આનની પરિભાષામાં ઇમાનના સાચા હકદાર છે કે જેમને અલ્લાહ તઆલાએ પોતાના મિત્ર બનાવી લીધા. કુર્આન શરીફ ફરમાવે છે:

اَللّٰهُ وَلِيُّ الَّذِيْنَ اٰمَنُوْا ۙ يُخْرِجُهُمْ مِّنَ الظُّلُمٰتِ اِلَى النُّوْرِ

ભાવાનુવાદ: **જે લોકો ઇમાન લાવે છે તેમનો સમર્થક અને સહાયક અલ્લાહ તઆલા છે. તે તેમને અંધકારમાંથી પ્રકાશમાં કાઢી લાવે છે.** (સૂ. અલ બકરહ : ૨૫૭)

ભલાઇમાંથી-નેકીઓથી અલ્લાહનું સાનિધ્ય (સમીપતા) પ્રાપ્ત થાય છે, અને જે કોઇ પણ અલ્લાહના સામીપ્યના (નજીકતાના) વર્તુળથી જેટલો પણ નજીક હશે, અલ્લાહ તઆલા તેના ઉપર એટલો મહેરબાન હશે. ખાસ કરીને અલ્લાહના બંદાઓ સાથેની ભલાઇ અલ્લાહને ખૂબ જ પસંદ છે. જયારે કોઇ જમીનવાળાઓ ઉપર મહેરબાની કરે છે તો આકાશવાળો (અલ્લાહ તઆલા) તેના ઉપર મહેરબાની કરે છે.

કરો મહરબાની તુમ અહલે ઝમીં પર,
ખુદા મહરબાં હોગા અર્શે બરીં પર.

નેકીઓને કારણે ગુનાહ માફ થઇ જાય છે, આત્મા પવિત્ર બને છે અને આત્માનો વિકાસ (વૃદ્ધિ) થાય છે અને તેને બળ મળે છે અને શકિતશાળી આત્મા તમામ પ્રકારના ભય-આફતો સામે ટક્કર લેવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. આત્મિક બળવાન લોકો- જેમનો આત્મા બળવાન હોય છે તેવા લોકો અલ્લાહ તઆલા ઉપર સંપૂર્ણ વિશ્વાસ-યકીન ધરાવે છે. એમને સદાય એ ભાન થતું રહે છે કે આકાશો (આસમાનો) અને ધરતીનો સર્જનહાર અને માલિક અલ્લાહ તઆલા જ છે. તે અમારા જીવનમાં પ્રતિ ક્ષણ અમારી સાથે છે. તે જ છે, જે આપણને તમામ આફતો અને મુશ્કેલીઓ સામે રક્ષણ આપે છે. જે લોકો નેકીઓ કરીને પોતાના આત્માને શકિત અને પોતાના દિલ અને દિમાગને સંતોષ આપે છે, તેમનામાં અલ્લાહ તઆલા ઉપરની શ્રદ્ધા-યકીન એવા લોકોના મુકાબલામાં અત્યંત મજબૂત હોય છે-એવા લોકો કરતાં વધારે મજબૂત હોય છે, જેઓ પાપો અને ગુનાહોમાં સપડાઇને પોતાના આત્માને નિર્બળ બનાવી દે છે અને હંમેશાં વ્યાકુળતા અને વિષાદ (હતાશા) માં સંડોવાયેલા રહે છે.

પાપ (ગુનાહ) છોડીને નેકીનો માર્ગ અપનાવવાથી મનને સંતોષ પ્રાપ્ત થાય છે, શરીરને તંદુરસ્તી મળે છે, રોઝીમાં વૃદ્ધિ કરી દેવામાં આવે છે, દરેક કામમાં સફળતા નસીબ થાય છે, સમાજ તેને આબરૂ અને મોભાની દૃષ્ટિએ જુએ છે. સગાં-સંબંધીઓ ઉપરાંત અજાણ્યા લોકો પણ સાચો પ્રેમ કરવા લાગી જાય છે. ગુંચવણભરી સમસ્યાઓમાં અલ્લાહ તઆલા તરફથી ઉચિત અને ફાયદાકારક સલાહ-સૂચનોનો કોઇ અલૌકિક શકિતથી સંચાર થાય છે, દરેક વ્યાજબી (યોગ્ય) દુઆ કબૂલ થાય છે, ફરિશ્તાઓની દુઆઓ મળે છે, વ્યકિતત્વમાં મનમોહક અને મૈત્રીપૂર્ણ સાંત્વના આવી જાય છે અને સૌથી ઉત્તમ તો મૃત્યુ પછી અમ્બિયાએ કિરામ અલયહિમુસ્સલામ (નબીઓ) અને સદાચારીઓનું સાનિધ્ય-સમીપતા અને મૈત્રીનું સૌભાગ્ય પ્રાપ્ત થશે.

કુર્આન મજીદ ફરમાવે છે:

وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ لَنُكَفِّرَنَّ عَنْهُمْ سَيِّاٰتِهِمْ وَلَنَجْزِيَنَّهُمْ اَحْسَنَ الَّذِيْ كَانُوْا يَعْمَلُوْنَ

ભાવાનુવાદ: **અને જેઓ ઇમાન લાવ્યા અને સદ્કર્મો કર્યા, તેમના દુ:ખ અમે ચોક્કસપણે દૂર કરી દઇશું**

અને તેમને તેમના (ઉત્તમ) કાર્યોનો ઉત્તમ બદલો આપીશું. (સૂ. અન્કબૂત : ૭)

હકીકતમાં નેકી એ છે કે દિલમાં અલ્લાહનો ડર હોય, આખિરતમાં (અલ્લાહને) જવાબ આપવાની ચિંતા હોય, પોતાનું જીવન ઇમાનના તકાદા-ચાહતના (માર્ગના) બીબામાં ઢળેલું હોય, અને હંમેશાં અલ્લાહ તઆલા ખુશ થાય તેવા કામોમાં મશગૂલ રહે. પોતાને તક્વાના (અલ્લાહના ડર) રંગમાં તરબોળ કરી દે, અને જો કદીક ગુનાહ થઇ જાય તો તરત જ કોઇ નેકીનું કામ કરી લે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ફરમાન છે: **તમે જ્યાં પણ રહો અલ્લાહ તઆલાથી ડરો (તક્વો અપનાવો), જો પાપ (ગુનાહ) થઇ જાય તો તરત જ કોઇ નેકીનું કામ કરી લો, જેથી એ પાપનું પ્રાયશ્ચિત થઇ જાય અને લોકો સાથે સારો વ્યવહાર કરતા રહો.** (તિરમિઝી શરીફ: ૧૯૮૮)

કહેવાનું તાત્પર્ય એ છે કે તમારી વાણી અને વર્તનમાં અલ્લાહ તઆલાની ખુશી શામાં છે ? તેને નજર સમક્ષ રાખવી એ જ સાચી નેકી છે, જે દુનિયા અને આખિરતની ભલાઇનું કારણ છે.

કુર્આને શરીફ ફરમાવે છે:

لِلَّذِينَ أَحْسَنُوا فِي هَٰذِهِ الدُّنْيَا حَسَنَةٌ ۚ وَلَدَارُ الْآخِرَةِ خَيْرٌ ۚ وَلَنِعْمَ دَارُ الْمُتَّقِينَ ۝

ભાવાનુવાદ: **આવા સદાચારીઓ માટે આ દુનિયામાં પણ ભલાઇ છે અને આખિરત (પરલોક) નું ઘર તો ચોક્કસ જ તેમના માટે વધારે સારું છે, ખૂબ સારું ઘર છે સંયમી લોકોનું.** (સૂ. નહ્લ: ૩૦)

હસદ-ઈર્ષા અને ઉપચાર

કોઇના સુખ, કાબેલિયત અને પ્રગતિ તથા સમૃદ્ધ જીવનની ઈર્ષા કરવી અને તેની એ નેઅમત (બક્ષીસ) બરબાદ થઇ જાય એવી ઇચ્છા કરવી તેને ઈર્ષા કહેવાય છે. ઈર્ષાળુ વાસ્તવમાં નેઅમતોથી વંચિત હોય છે અને બીજાઓને પણ પોતાના જેવા જ જોવા ઇચ્છે છે, પરંતુ આ તો અલ્લાહની વહેંચણી છે, તેથી ઈર્ષા કરવાવાળા હકીકતમાં તો અલ્લાહ તઆલાની વહેંચણીથી નારાજ હોય છે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે, મારા બંદા ઉપરની નેઅમતો જોઇને ઈર્ષા કરવાવાળો જાણે કે મારી વહેંચણીથી નારાજ છે, જે મેં મારા બંદાઓને આપી છે. (તબ્લીગે દીન: ૪)

આ દુનિયામાં કેવા કેવા લોકો છે જેમના ઉપર અલ્લાહ તઆલાની કેવી કેવી મહેરબાનીઓ ઉતરી છે તો પછી કોના કોના ઉપર ઈર્ષા કરવામાં આવશે ?

હસદકી આગમેં કિસ કિસકા ઘર જલાઓગે,
કે અહલે ઈશ્ક તો સારે જહાંમેં રેહતે હૈં.

ઈર્ષાળુ વ્યક્તિ જાતે જ પોતાના જીવનના કર્મફળને ઈર્ષાની આગમાં બાળીને ખાક કરી નાખે છે. તે હંમેશાં એવું જોવામાં વ્યસ્ત રહે છે કે, કોણ શું ખાય છે ? અને ક્યાંથી ખાય છે ? એને (ફલાણાને) એવો હોદ્દો અને સ્થાન કેવી રીતે મળી ગયાં ? અને તેથી જ તેને કંઇ કરવાની કે મેળવવા માટેની પ્રેરણા કે શક્તિ અલ્લાહ તઆલા તરફથી મળતી નથી ! અલ્લાહની આવી પ્રેરણાથી તે હમેશાં વંચિત રહે છે. એટલા માટે દયાળુ અલ્લાહ સમક્ષ હમેશાં આજિઝીપૂર્વક આ દુઆ કરતા રહેવું જોઇએ:

اَللّٰهُمَّ اجْعَلْنِي مَحْسُوْدًا وَلَا تَجْعَلْنِي حَاسِدًا ۔

ભાવાનુવાદ: **હે અલ્લાહ! મને એવો બનાવ કે જેની ઈર્ષા કરવામાં આવે, મને ઈર્ષાળુ બનવાથી બચાવ.**

આ દુઆનો અર્થ આ છે કે, હે અલ્લાહ! મને દરેક ક્ષેત્રમાં નિપૂણ (કાબેલ) બનાવ, કેમ કે કાબેલ વ્યક્તિની જ ઈર્ષા કરવામાં આવે છે. મને નિપુણતાથી (કાબેલિયતથી) વંચિત ન કર, કેમ કે આવી વંચિત વ્યક્તિ જ ઈર્ષા કરે છે.

ઇર્ષા એક પ્રકારની માનસિક બીમારી છે, જે ઈર્ષાળુને હમેશાં દુ:ખ અને સંતાપ તથા વ્યાકુળતા અને બેચેનીમાં પરોવાયેલો રાખે છે. તેને આખો દિવસ માનસિક યાતના (ગભરામણ) અને નિરર્થક (અયોગ્ય) પીડા (દુ:ખ) થયા કરે છે. જેને લીધે તેનું દિલ આંધળું બની જાય છે અને વિચારવાની અને સમજવાની આવડત (શક્તિ) છીનવાઇ જાય છે. હઝરત સુફિયાન સૌરી (રહ.) ફરમાવે છે, હમેશાં ચૂપ રહેવાનું પસંદ કર. તેનાથી તારામાં પરહેઝગારી (સંયમ) પેદા થશે. લાલચુ ન બન, જેથી તું ઉપદ્રવથી સુરક્ષતિ રહે. ટીકાખોર ન બન! જેથી લોકોના મ્હેણાં-ટોણાંથી બચતો રહે. ઈર્ષાળુ ન બન! કે જેથી તને ત્વરિત સમજણ (નિર્ણયશક્તિ) પ્રાપ્ત થાય. (ક્રમશ)

શિક્ષણ મંથન

શિક્ષણ-પ્રશિક્ષણ સમયે શિક્ષક અને વિદ્યાર્થીનું મન સંપૂર્ણ રીતે એ ટોપિક ઉપર કેન્દ્રિત હોવું જોઇએ, જે તે સમયે તેમને સમજાવવામાં આવી રહયો હોય, વર્ગખંડના વાતાવરણમાં કોઇ એવી વસ્તુ ન હોવી જોઇએ, જે ધ્યાન ભગ્ન કરવાનું નિમિત્ત બને, કારણ કે તે શિક્ષણ માટે ઘાતક ઝેર સમાન છે, સબક કે પાઠની હેસિયત એ એક સાંકળ જેવી છે, જો વચ્ચેથી એક પણ કડી ખૂટી પડે, તો આખો પાઠ વ્યર્થ થઇ જશે.

અને એ સ્વાભાવિક છે કે એક જ વાતાવરણમાં છોકરા-છોકરીઓની હાજરી એકબીજા માટે આકર્ષણનું કારણ બને છે, એક જ જગ્યાએ બંનેની હાજરી અને નજરોની અથડામણ એ ચોક્કસપણે મનને પ્રભાવિત કરશે, ધ્યાન વિભાજિત કરશે અને શિક્ષક તરફ સંપૂર્ણ ધ્યાન સાતત્યપૂર્વક જાળવી રાખવું મુશ્કેલ બની જશે, તેથી જ અલ્લાહના રસૂલ (સ.અ.વ.) એ સ્ત્રીઓને નમાઝીઓની સામેથી પસાર થવાની મનાઇ ફરમાવી હતી અને તેને નમાજમાં વિક્ષેપ પાડવા જેવું ગણાવ્યું હતું, સમાજમાં વધી રહેલી વર્તમાન નૈતિક કટોકટી; બલ્કે, નૈતિક અરાજકતાની પૃષ્ઠભૂમિમાં, કુમાર-કન્યાની અલગ-અલગ શિક્ષણ વ્યવસ્થાની ખૂબ તાતી જરૂર છે, અને જો મુસલમાનો પણ આ તરફ ધ્યાન નહીં આપે, જેઓ શરમ-હયા અને ચારિત્ર્યની પવિત્રતાના સૌથી મોટા દાવેદાર અને ઝંડાધારી છે, તો પછી બીજા કોની પાસેથી આવી અપેક્ષા રાખી શકાય ?

મુસ્લિમો દ્વારા સંચાલિત શાળાઓની એક મુખ્ય જરૂરત અભ્યાસક્રમમાં એવા વિષયોને સમાવવાની છે, જે મુસ્લિમ વિદ્યાર્થીઓને ઇસ્લામ વિશે વાકેફ પણ કરે અને તેમને લઘુતા ગ્રંથિથી પીડાતા પણ બચાવે, માત્ર થોડી દુઆઓ યાદ કરાવી દેવી તે પૂરતું નથી; બલ્કે, તેમને તૌહીદ, શિર્ક, રિસાલત, આખિરત, ઇબાદત, સામાજિક જીવન અને મામલાતની બાબતો વિશેની માહિતી પૂરી પાડવામાં આવે, સીરતે નબવી (સ.અ.વ.) અને ઇસ્લામી ઇતિહાસ વિશે જે ગેરસમજો ઊભી કરવામાં આવે છે, તેની હકીકતથી તેઓ વાકેફ હોવા જોઇએ. ભારતનો વાસ્તવિક ઇતિહાસ, કે મુસ્લિમોએ આ દેશને કેટકેટલું આપ્યું છે ? એ ભણાવવામાં આવે.

એક અફસોસજનક વાત એ છે કે શિક્ષણ, જે લોક સેવાનું સાધન હતું, તે આજે સૌથી મોટો વેપાર બની ગયું છે. ખ્રિસ્તી મિશનરીઓ તો આ વેપાર દ્વારા લોકોનો ધર્મ ખરીદે છે અને તેમના ધર્મનો પ્રચાર કરે છે, પરંતુ મુસ્લિમ સંચાલકો મોટાભાગે પોતાના અંગત સ્વાર્થ ખાતર અને મહત્તમ દોલત કમાવવા માટે આ વેપારનો ઉપયોગ કરે છે, બલ્કે, કેટલીકવાર ગરીબ મુસ્લિમોને એવી પ્રોત્સાહક સલાહથી પણ નવાજવામાં આવે છે કે: ભણાવવું શું જરૂરી છે, રિક્ષા ચલાવડાવો ને. જો આપણી સંસ્થાઓનો મકસદ માત્ર માલદાર મુસલમાનો પાસેથી પૈસા વસૂલવાનો અને તેમના જ બાળકોને ભણાવવાનો છે; તો ચોક્કસપણે આવી સંસ્થાઓનું અસ્તિત્વ નકામું છે, અને આ મકસદ તો બિનમુસ્લિમ મેનેજમેન્ટ હેઠળ ચાલતી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા પણ પ્રાપ્ત કરી શકાય છે અને થાય છે.

આશ્ચર્ય થાય છે કે વાજબી પ્રવેશ ફી અને શિક્ષણ ફી વસૂલવા છતાં, આ શાળાઓમાં સામાન્ય રીતે શિક્ષકોનો પગાર પણ ખૂબ ઓછો હોય છે, અને ઓછા પગારની તુલનામાં, આ શિક્ષકોની કાબેલિયત અને કાર્યક્ષમતા પણ ઓછી હોય છે. ઓછો પગાર શિક્ષકોમાં અસંતોષ જન્માવે છે, પરિણામે તેઓ પણ બીજી જગ્યાની શોધમાં જ રહે છે કે કદાચ ત્યાં થોડો વધુ પગાર મળી શકે, આ અસંતોષને કારણે શિક્ષકો વારંવાર બદલાતા રહે છે, અને એ વાત તો સ્પષ્ટ છે કે શિક્ષકોનું વારંવાર બદલાવવું શિક્ષણ માટે ખૂબ જ

નુકસાનકારક છે; કારણ કે શિક્ષણ માટે વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે માનસિક તાદાત્મય, અને તેથીય વધુ જરૂરી આત્મીયતા છે. દરેક વ્યકિતની સમજાવવાની સ્ટાઇલ અલગ હોય છે, ભાષા અને તેના ઉચ્ચારણની લઢણમાં પણ ફરક હોય છે, દસ-બાર દિવસ તો વિદ્યાર્થીઓને શિક્ષકો સાથે તાલમેલ કેળવવામાં લાગી જતાં હોય છે અને શિક્ષકો માટે વિદ્યાર્થીઓની વ્યકિતગત ક્ષમતાઓ અને સ્વભાવને ઓળખવામાં તો એથી પણ વધુ સમય જોઇએ, ત્યાર પછી જ સાચા અર્થમાં શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેનો શૈક્ષણિક સંબંધ સ્થાપિત થાય છે, જો શિક્ષક વારંવાર બદલાયા કરે, અથવા વિષયોની તબદીલી એકથી બીજા શિક્ષક પાસે થયા કરે, તો તેનું પરિણામ એ આવશે કે એકબીજા સાથે સંબંધ કેળવવામાં જ સારો એવો સમય વેડફાઇ જશે.

મુસ્લિમ વહીવટીતંત્રની માનવીય, ઇસ્લામી અને નૈતિક ફરજ છે કે, શૈક્ષણિક ખર્ચને એટલો વાજબી, યોગ્ય અને સંતુલિત રાખે કે જેથી કરીને ગરીબ મુસ્લિમ પરિવારો પણ શિક્ષણ મેળવી શકે અને સંસ્થાઓ **ન નફો-ન ખોટ** કે **ન્યૂનતમ નફા** ના ધોરણે ચલાવવામાં આવે, તો જ આપણે ગરીબ અને પછાત મુસ્લિમોને પણ શિક્ષણથી સજજ કરી શકીશું, અથવા કમસે કમ એટલું કરવામાં આવે કે દરેક વિદ્યાર્થીની ફીનો અમુક હિસ્સો (Poor Fund) ગણીને ચાલે, ઉદાહરણ તરીકે જો આપણે એક હજાર પ્રવેશ ફી લેતા હોઇએ, તો નવ સો પ્રવેશ ફી અને સો **ગરીબ ભંડોળ** ના ગણવા અને દર દસ વિદ્યાર્થીઓએ એક ગરીબ વિદ્યાર્થીનો મફત પ્રવેશ આપવો, આ રીતે કમસે કમ દસ ટકા પ્રવેશ ગરીબ બાળકોનો પણ થઇ શકશે.

વર્તમાન સ્થિતિમાં એક મહત્ત્વની સમસ્યા ઉર્દૂ ભાષાના શિક્ષણની પણ છે, એ વાતમાં કોઇ શંકા નથી કે ઉર્દૂ એકમાત્ર એવી ભાષા છ જેને મુસ્લિમોએ રચી છે, આ ભાષાના લગભગ ૭૫ ટકા શબ્દો અરબી અને ફારસીના છે, ખુદ પવિત્ર કુર્આનના શબ્દો મોટી સંખ્યામાં આ ભાષામાં સમાવિષ્ટ છે, ઇસ્લામી પારિભાષિક શબ્દો અને રૂઢિપ્રયોગો જેટલા ઉર્દૂ ભાષામાં જોવા મળે છે, અરબી ભાષા પછી બીજી કોઇ ભાષા નથી જે ઇસ્લામી શબ્દો અને વાકયપ્રયોગથી આટલી સમૃદ્ધ હોય. એક બિન-મુસ્લિમ પણ જયારે ઉર્દૂમાં લખે-બોલે છે ત્યારે **માશાઅલ્લાહ, અલહમ્દુલિલ્લાહ** અને **સુબ્હાનલ્લાહ** વગેરે શબ્દો તેને પણ બોલવા ને લખવા પડે છે.

આ ઉપરાંત ઉર્દૂ ભાષામાં ઇસ્લામી સાહિત્ય અને વિદ્યાઓની મૂડી એટલી વિશાળ માત્રામાં જોવા મળે છે કે અરબી ભાષા સિવાય બીજી કોઇ ભાષા નથી જે આટલી સમૃદ્ધ હોય, તફસીર, કુર્આન અને હદીસના અનુવાદો, મસ્નૂન હદીસનાં વિવરણો, ફિકહ અને ન્યાયશાસ્ત્રનાં પુસ્તકોના અનુવાદો, સીરત, ઇસ્લામી ઇતિહાસ, એમ તમામ ઇસ્લામી વિદ્યાર્થીઓ માટે ઉર્દૂ ભાષામાં એક મોટું પુસ્તકાલય તૈયાર થઇ ચૂકયું છે. એક સમયે, અરબી પછી, સૌથી વધુ ઇસ્લામી સાહિત્ય ફારસી ભાષામાં હતું, પરંતુ હવે ઉર્દૂએ ફારસીને પાછળ છોડી દીધી છે.

એ પણ હકીકત છે કે ઉર્દૂ એક આંતરરાષ્ટ્રીય ભાષા છે, જે આજે એશિયાથી લઇને અમેરિકા સુધી પોતાનું સ્થાન બનાવી ચૂકી છે, ભારતીય ઉપમહાદ્વીપ વસ્તીની દ્રષ્ટિએ વિશ્વનો ખૂબ જ ગીચ પ્રદેશ છે, ઉપખંડના મોટાભાગના વિસ્તારોમાં ઉર્દૂ ભાષા સમજાય છે. એક અંદાજ મુજબ, ભારત, પાકિસ્તાન અને બાગ્લાદેશમાં ૬૦ કરોડ મુસ્લિમો વસે છે, તેમાંથી ૫૦ કરોડ લોકો એવા છે જેઓ ઉર્દૂ સમજે છે અને કમસે કમ ૪૦ કરોડ એવા છે જેઓ ઉર્દૂ બોલે છે અને વાંચે છે, આ એક વિશાળ વર્તુળ છે, જો સમગ્ર વિશ્વામાં ઉર્દૂ બોલતા અને સમજતા લોકોની સંખ્યા ૫૦ કરોડ જેટલી જ માની લેવામાં આવે, તો પણ ઉર્દૂ બોલનારાઓનું પ્રમાણ આંતરરાષ્ટ્રીય ભાષાઓમાં ખૂબ જ નોંધપાત્ર છે. (ક્રમશ)

નાનપણથી બાળકોના હાથમાં મોબાઇલ ન પકડાવી દેવો

મા-બાપે પહેલેથી જ પ્રયત્ન કરવો કે બાળક સામે કે બાળક સાથે હોય ત્યારે પોતે પણ ફોનનો ઉપયોગ શક્ય એટલો ઓછો કરવો કે ના કરવો

રાશીદા અને રશીદ બંને કમ્પ્યૂટર એન્જિનિયર એટલે એમનો એકમાત્ર દીકરો રેહાન ઇલેક્ટ્રોનિક રમકડાંથી રમે એ સ્વાભાવિક જ હોય. રેહાન બે વરસનો થયો ત્યારથી એણે મોબાઇલ અને કમ્પ્યૂટરને રમકડાંની જેમ રમવાનું ચાલુ કરી દીધેલું. ત્રણ વરસનો થયો ત્યારે પપ્પાને કે મમ્મીને ફોન કરતાં જોઇ એ પણ શીખી ગયેલો. એટલે ઘરમાંથી સાદો ફોન હટાવીને મોબાઇલ જ મૂકી દેવાયેલો. અત્યારે એ પાંચ વરસનો થયો. રાશીદાએ નવો ફોન લીધો ત્યારે જૂનો સ્માર્ટફોન ઘરે જ પડયો રહેતો. રેહાન સ્કૂલે જતો થયો એની સાથે એ યુ ટ્યુબ પર કાર્ટૂન ફિલ્મો પણ જોતો થઇ ગયેલો.

મા-બાપ પોરસતાં. દાદા-દાદી અચંબિત થતાં કહેતાં આવડા અમથા છોકરાની આટલી આવડત! ક્યારેક ઘરે આવતા મહેમાનો આગળ રેહાનની મોબાઇલ વાપરવાની આવડતનું પ્રદર્શન પણ થતું અને એ બધા ખુશ થાય એ જોઇને રેહાન પણ ખુશખુશાલ.

એ સાંજે મહેમાનો આવ્યા હતા. મહિલાવર્ગ ઘરમાં હતો અને પુરૂષવર્ગ બહાર ગાર્ડનમાં હતો. રશીદના હાથમાં લેટેસ્ટ મોબાઇલ હતો. ઇન્ટરનેટ ચાલુ હતું અને રશીદ ઇમેલ ચેક કરતો હતો, ત્યાં રેહાન રમતાં રમતાં આવ્યો અને એણે રશીદના હાથમાંથી ફોન લીધો. એકાદ મિનિટ ફેરવી જોયું. પછી યુ ટ્યૂબ ચાલુ કરી કશુંક જોવામાં મશગૂલ થઇ ગયો. અવાજ પરથી રશીદને થોડી શંકા ગઇ એટલે એણે એની પાસેથી ફોન લઇ લીધો. એણે ફોન બંધ કરીને આપ્યો.

મહેમાનો ગયા પછી રશીદા અને રશીદ સફાઇ કરતાં હતાં એ દરમ્યાન રેહાન ફરી ફોનમાં રમવા લાગ્યો. રશીદા અને રશીદએ એકસાથે એ તરફ જોયું. નજીક જઇ ફોન લઇ લીધો. એમની શંકા સાચી હતી. રેહાન પોર્નફિલ્મ જોતો હતો. એટલું જ નહીં એને એ સાઇટ ખોલતા આવડી ગયું હતું. ઇન્ટરનેટ ચાલુ કરતા તો એને આવડતુ જ હતું. એટલે હવે તો એના માટે કોઇ પણ સાઇટ ખોલવી સરળ હતી, પણ જે ઝડપથી એ આ સાઇટ ખોલી રહયો હતો તે જોતાં એ એકલો પડતાં આ જ જોતો હશે એ સ્પષ્ટ હતું. એને સમજાવી શકાય તેવી એની ઉંમર નહોતી અને આ ટેવ ચલાવી પણ ન લેવાય. હવે? એને આ ટેવ છોડાવવી કઇ રીતે?

રશીદા અને રશીદ ચિંતામાં પડયા. એક તો રેહાનને એટલી સમજ નહોતી કે એ શું જોઇ રહયો છે અને એ જે જોઇ રહયો છે એ ખોટું છે, પણ આવું બધું જોતાં જોતાં એનામાં થોડી વહેલી સમજ આવી જાય અને આદત થઇ જાય તો મુશ્કેલી. ઉપરથી કોઇ એનો ખોટો ફાયદો પણ ઉઠાવી શકે. ઘરમાં ફોન તો રાખવા પડે. બીજું રશીદા અને રશીદને ઇન્ટરનેટની જરૂર પણ પડે એટલે એ પણ રાખવું પડે, પણ બંનેએ ચર્ચા કરીને પોતપોતાના ફોન પાસવર્ડ પ્રોટેક્ટેડ કરી દીધા, જેથી રેહાન એ જાતે ખોલી ન શકે. બંનેએ પોતપોતાના ફોનમાં કાર્ટૂન ફિલ્મો અને રમતો ડાઉનલોડ કરી દીધી. ફેસબુક અને એડલ્ટ સાઇટ લોક કરાવી દીધી. ચાઇલ્ડ લોક કર્યું અને દાદા-દાદીને પણ સૂચના આપી દીધી કે રેહાન મોબાઇલ લે તો એનું ધ્યાન બીજે વાળવાનો પ્રયત્ન કરવો. કોઇ નવી રમત કે પછી વાર્તાઓ અથવા એને ગાર્ડનમાં લઇ જવો, પણ સતત લાંબો સમય એ મોબાઇલ સાથે એકલો પડે એવું ન થવું જોઇએ.

આ બધું થઇ ગયા પછી બંનેએ ફોન છૂટા મૂક્યા. રેહાને એ લઇ ચાલુ કરવાનો વ્યર્થ પ્રયત્ન કરી જોયો. પછી એ રશીદ પાસે ગયો. રશીદે એ ફોન ખોલી આપ્યો. રેહાને તરત પૂછયું, ડેડી, કેમ મારાથી ફોન નથી ખૂલતો ? રશીદે એને કહયું, ફોનમાં વાઇરસ લાગ્યા છે. બગડી ગયો હતો એટલે હું જ તને ચાલુ કરી આપીશ, પણ જો રોજ દસ જ મિનિટ રમવાનું હોં, ડોકટર અંકલ કહેતા હતા કે નાના છોકરાને ફોન ન આપવો. અરે! અમને પણ ના જ કહયું છે એટલે અમે પણ કામ હોય તો જ ફોન લઇશું, આપણે કંઇ માંદા થોડા પડવું છે ? બરાબરને ? એટલામાં રેહાને ગેમ અને કાર્ટૂન ફિલ્મો જોઇ. એને એમાં રસ પડયો અને રમવા લાગ્યો. થોડા સમયમાં તો એ ભૂલી પણ ગયો કે એ પહેલાં શું જોતો હતો.

આજકાલ બાળકોને ફોન રમવા આપી દેવાય છે. બાળક ફોન ઓપરેટ કરે તો મા-બાપ હરખાય છે. હવે બધા જાણે છે કે ફોનથી નાના બાળકના મગજ અને શરીરને ખૂબ નુકસાન થાય છે, છતાં એમના તોફાનને અટકાવવા અથવા ખવડાવતી વખતે એમને હાથમાં મોબાઇલ પકડાવી દેવાય છે, પણ અત્યારના સ્માર્ટ બાળકો ઝડપથી એનો વપરાશ શીખી લે છે. કેટલીક વખત બાળકોને ન જોવા જેવું કે ન જાણવા જેવું ઘણું આકસ્મિક જોઇ લે છે અને એની આદત પડે છે. એક વખત લત લાગે પછી છોડાવવી અશક્ય બને છે એટલે મા-બાપે પહેલેથી જ પ્રયત્ન કરવો કે બાળક સામે કે બાળક સાથે હોય ત્યારે પોતે પણ ફોનનો ઉપયોગ શકય એટલો ઓછો કરવો કે ના કરવો. શરૂઆતથી જ ફોન લોક રાખવો અને જયારે બાળક ફોનમાં રમવા માંગે ત્યારે એની સાથે રહેવું. બને એટલો પ્રયત્ન કરવો કે બાળક જલ્દી આઉટડોર રમતો તરફ આકર્ષાય અને ફોનથી દૂર રહે. ■

તીન ચીઝેં

(૧) તીન ચીઝેં એક હી જગહ પરવરિશ પાતે હૈ

(૧) ફુલ (૨) કાંટે (૩) ખુશબુ

(૨) તીન ચીઝેં હર એક કો મિલતી હૈં

(૧) ખુશી (૨) ગમ (૩) મૌત

(૩) તીન ચીઝેં હર એક કી અલગ અલગ હોતી હૈ

(૧) સુરત (૨) સીરત (૩) કિસમત

(૪) તીન બાતોં કો કભી છોટા ના સમજો

(૧) કર્ઝ (૨) ફર્ઝ (૩) મર્ઝ

(૫) તીન ચીઝોં કો કભી ના ઠુકરાવો

(૧) દાવત (૨) મશવરહ (૩) તોહફા

(૬) તીન ચીઝોં કો હર કોઇ અપના લે

(૧) સબ્ર (૨) રિઝક (૩) શુક્ર

(૭) તીન ચીઝોં કો હમેશા પાક રખ્ખો

(૧) જિસ્મ (૨) લિબાસ (૩) ખયાલાત

(૮) તીન ચીઝોં કો હમેશા યાદ રખ્ખો

(૧) નેઅમત (૨) એહસાન (૩) મૌત

(૯) તીન ચીઝોં કો હમેશા હાસિલ કરો

(૧) ઇલમ (૨) અખલાક (૩) હુનર

(૧૦) તીન ચીઝોં સે હમેશા બચો

(૧) હસદ (૨) ગીબત (૩) ચુગલી

(૧૧) તીન ચીઝોં કો હમેશા કાબુ મે રખ્ખો

(૧) ઝબાન (૨) ગુસ્સા (૩) નફસ

(૧૨) તીન ચીઝોં કે લિયે લડો

(૧) વતન (૨) હક (૩) ઇઝઝત

(૧૩) તીન ચીઝેં કભી વાપસ નહીં આતી

(૧) ઝિંદગી (૨) વકત (૩) જવાની

તુર્કી નૌકાધિપતિ અને કુશળ વહાણવટી સીદી અલી રઇસ અને તેણે વર્ણવેલું ગુજરાત

- અમ્માર અબ્દુલ હમીદ લિંબાડા - દાહોદ

નાસિર-ઉલ-મુલ્ક પાસેથી ભરૂચ પાછું મેળવવા માટે સુલતાન અહમદ શાહ ૩ ભરૂચ તરફ આવ્યો અને સુરતથી રજબ રૂમીખાન અને તેના બનેવી કારાહસન જહાંગીરખાનને બોલાવ્યો. સીદી અલી રઇસ ત્યારે પોતાના સૈનિકો સાથે સુરતમાં હતો. તેણે સુરતથી ૨૦૦ તોપચી અને અન્ય સૈનિકોને સુલતાનની મદદ કરવા માટે ભરૂચ મોકલ્યા. નાસિર-ઉલ-મુલ્ક યુદ્ધમાં મૃત્યુ પામ્યો પછી સુલતાને રજબ રૂમીખાન અને જહાંગીરખાનને હાથીઓ અને લશ્કર સાથે સુરત પાછા મોકલ્યા.

સીદીના કત્લનો પ્રયાસ

સીદી અલી જણાવે છે નાસિર-ઉલ-મુલ્કને પોર્ટુગીઝો સાથે મિત્રતા હતી તેથી તેણે પોર્ટુગીઝોના દુશ્મન એવા સીદી અલીને ઝેર આપવાના અને તેનો ઘાત કરવાના પ્રયત્નો કર્યા હતા, પરંતુ સુરતના કોટવાલની ચેતવણીને લઇને સીદી અલી બચી ગયો હતો. (તે સમયે સુરતનો કોટવાલ આગા હમઝા હતો)

સીદીને પકડવા પોર્ટુગીઝોનો સુરત પર હુમલો

સીદીના સુરત નિવાસ દરમિયાન પોર્ટુગીઝોએ સુરત ઉપર પણ હુમલો કરવાનો પ્રયત્ન કર્યો હતો. આ હેતુ માટે પોર્ટુગીઝ ગવર્નર ડોમ પેરો ડી મેસ્કેરેન્હાસે (૧૫૫૪-૫૫) કેપ્ટન ફર્નાન્ડો માર્ટીનેઝને બત્રીસ વહાણોના કાફલા સાથે સુરત મોકલ્યો હતો. સીદી અલી જણાવે છે પોર્ટુગીઝો સાત ગેલેન્સ અને એંસી ગુરાબ પ્રકારનાં વહાણો લઇને આવ્યા હતા. પોર્ટુગીઝોએ સુરતના ગવર્નર રજબ રૂમીખાન પાસે એક દૂત મોકલીને સીદી અલીને સોંપી દેવા વિનંતી કરી હતી, પરંતુ રજબે પોર્ટુગીઝોની વિનંતી પ્રમાણે સીદી અલી કે તેના વહાણોની સોંપણી તેમને કરી નહીં.

ગુજરાતના વૃક્ષો (તાડી)

સીદી અહીંના ઝાડો વિશે માહિતી આપે છે અને તેની ખુબ પ્રસંશા કરે છે તેના જણાવ્યા પ્રમાણે **તાડી** ના વૃક્ષ ઉપર ઘડા બાંધવામાં આવતા અને તાડીની એકાદ ડાળી કાપીને ઘડામાં મૂકવામાં આવતી. આ કાપેલી ડાળમાંથી મીઠુ પ્રવાહી ટપકયા કરતું. સૂર્યના તાપમાં રાખવાથી પ્રવાહી (તાડી) અદ્ભુત પ્રકારનો દારૂ બની જાય છે. તાડીના વૃક્ષો પાસે તાડી પીવા માટેનાં પીઠાં પણ રહેતા. ખલાસીઓ આને સૈનિકોનું તો એ માનીતું પીણું છે.

વડ

બીજુ એક વૃક્ષ ઘેઘુર, ઘટાદાર છે તેની ડાળીઓ પરથી નવાં મુળ ફુટે છે જે **વડવાઇ** કહેવાય છે. આ વડવાઇઓ અમુક સમયમાં વધતી વધતી જમીનમાં રોપાઇ જાય છે. કયારેકતો આને કારણે આ વૃક્ષને અનેક થડ હોય તેવું લાગે છે અને મુળ થડ કયું તે ખબર પડતી નથી. તેની ડાળીઓ અસાધારણ કદના ચામાચીડિયાઓથી ભરેલી હતી. તેમની પાંખો ૪૦ ઇંચ જેટલી ફેલાયેલી હતી. આ વૃક્ષનું નામ ટોબી (મુસ્લિમો જેને તુબાનું વૃક્ષ કહે છે) વૃક્ષ છે અને તેના છાંયડામાં હજાર થી વધુ લોકો આશ્રય મેળવી શકે છે.

અમદાવાદ રવાના

૧૫ નવેમ્બર ૧૫૫૪ સોમવારના દિવસે તે અમદાવાદ જવા માટે નિકળ્યો અને ૫૦ દિવસ પછી અમદાવાદ પહોંચ્યો. રસ્તામાં આવતા બંદરોની ભરમાર, વડના વિશાળ ઝાડો અને તેના મૂળોના દ્રશ્યોથી તે ઘણો જ અચંભિત દેખાય છે. સીદી ગુજરાતમાં ઠેરઠેર જક્કુમના વૃક્ષો (થોર) જોયાનો ઉલ્લેખ પણ કરે છે. સુરત થી અમદાવાદ જતાં રસ્તામાં પુષ્કળ પ્રમાણમાં પોપટ અને વાંદરાઓના સમુહ પણ જોયા હતા. તે લખે છે સાંજના સમયે વાંદરાઓનો સમુહ અમારા પડાવ પર આવતો તેમના હાથોમાં તેમના બચ્ચાઓ હોય, તેઓ અમને જોઇ ખુબ જ હાસ્યાસ્પદ મુખ બનાવતા અને જિહાન શાહની વાર્તાઓ અમારા મગજમાં આવતી જેમના અનુસાર આ પ્રાણીઓ એક સમુદાયમાં રહે છે, પરંતુ તેમનો કોઇ આગેવાન અને સરદાર હોતો નથી.

સીદીનો સુલતાન સાથે ભેટો

સીદી અલી અમદાવાદમાં સુલતાનને મળી તેના ઓળખપત્રો રજુ કરે છે. સુલતાન તેનું ખુબ માન સન્માન કરે છે અને સિંધ પ્રવાસ માટે રોકડ, ઉંટ અને ઘોડાની સગવડ કરી આપે છે. અહીં જ તેને ભટ કબીલાના બે વ્યકિત માર્ગદર્શન અર્થે આપવામાં આવે છે.

શૈખ અહમદ ખટ્ટુની કબ્ર પર હાજરી અને એક પોર્ટુગીઝ સાથે વાતચીત

અમદાવાદની આસપાસ તે શૈખ અહમદ મગરીબીની કબર પર હાજરી આપી એક દિવસ, ઇમાદ-ઉલ-મુલ્કના ઘરે એક અધર્મી (પોર્ટુગીઝ) રાજદૂતને મળે છે, ત્યાં યજમાને તેમને આ રીતે સંબોધિત કર્યા. અમને તુર્કીના સુલતાનની જરૂર છે. અમારા વહાણો તેના સામ્રાજયના બંદરો સુધી જાય છે અને જો અમે આમ કરવા માટે સ્વતંત્ર ન હોઇયે, તો એ અમારા માટે સારી બાબત નથી. તે ઇસ્લામિક વિશ્વના બાદશાહ છે, માટે અમે તેના એડમિરલને તમારી શરણાગતિમાં નથી આપવાના. (પોર્ટુગીઝે સીદી અલીને માંગ્યો હોય એમ લાગે છે, તેઓ સુરત બંદરેથી જ સીદી અલીને કેદ પકડવાના ફિરાકમાં હતાં) સીદી આ અધર્મી પર ખૂબ ગુસ્સે થઇ કહે છે: તું તારી શાપિત જીભ પર લગામ દે ! હું સર્વશકિતમાન ખુદાના શપથ લઉં છું. તમે માત્ર ઓર્મુઝ જ નહીં, પરંતુ ગોવાને પણ જોશો, કે મહાન બાદશાહના વિજયી હાથો સમક્ષ તમે બન્ને જગ્યાએ હાર માની લેશો. તેણે જવાબ આપ્યો: હવે બધુ શકય નથી રહયું તમારે ભારતના બંદરો છોડવા જ પડશે. મેં જવાબ આપ્યો: ભારત પહોંચવા સમુદ્રી માર્ગો સિવાય જમીની માર્ગ પણ છે.

તે પછી તે ચૂપ રહયો અને વિષય પડતો મૂકવામાં આવ્યો.

ગવર્નરનું પદ અસ્વીકાર કરી આગળ વધે છે

સુલતાન અહમદ તેને ભરૂચનો ગવર્નર નિમે છે, પરંતુ તે અસ્વીકાર કરે છે અને કહે છે ભરૂચ જ નહીં આખા દેશની સલ્તનત પણ સ્વીકારવા હું સંમત નથી.

સીદી અલી પ્રવાસ શરૂ કરે છે, પાટણ અને રાધનપુર સુધી ભટો (વાણીયાઓ) તેની સાથે રહે છે. આ વાણીયાઓને સુલતાને પ્રવાસ માટે તેની સાથે કર્યા હતા, જેઓ એક જગ્યાએ થી બીજી જગ્યાએ પ્રવાસ ખેડતા રહેતા હતા. માર્ગો સલામત ન હતા. ચોર લૂંટારાઓનો હંમેશા ભય રહેતો માટે વેપારીઓ પણ એકલા નિકળતા નહીં, પરંતુ તેમને વણજારો સાથે ચાલવું પડતું અને સાથે સશસ્ત્ર સૈનિક પણ રાખવા પડતા. (O. P. Singh Surat and it's trade P 30)

પાટણ પહોંચે છે

સીદી પાંચમાં દિવસે પાટણ પહોંચે છે ત્યાં શેખ નિઝામ પીરની દરગાહ પર હાજરી આપે છે. પાટણમાં શેર ખાન અને તેના ભાઇ મુસા ખાને રાધનપુરના ગવર્નર બેહલુજ ખાનના મુકાબલા માટે સૈન્ય ભેગું કર્યું હતું. તેઓએ સીદીને આગળ પ્રવાસ માટે ના પાડી કે જયાં સુધી યુદ્ધ સમાપ્ત ન થાય ત્યાં સુધી આગળ જવું નહીં. સીદીએ તેઓને સમજાવ્યા તે કોઇની તરફદારી માટે નથી આવ્યો તે વતન પરત થવા માટે નિકળ્યો છે.

રાધનપુરમાં આગમન

છેવટે આગળ વધવા તેને રજા મળતા તે પાંચ દિવસ પછી રાધનપુર પહોંચ્યો, ત્યાં તે મહમુદ ખાનને મળ્યો, પણ તેનું વર્તન સારુ ન રહયું. તે પ્રવાસના પરવાના માટે સીદીના ત્રણ સાથીઓને જબરજસ્તી રોકી રાખવા માંગતો હતો.

તે જણાવે છે રસ્તામાં અમને ઘણાં રાજપૂત મિત્રો મળ્યાં તેમનું માર્ગદર્શન અમારા માટે ઘણું જ ફાયદાકારક નિવડયું તેઓએ મને હિફાઝતી પરવાના (Free Pass) પણ આપ્યાં.

સીદી અલી ગુજરાત છોડે છે

તેનો આગલો પડાવ થર પારકર હતો ત્યાં રાજપૂતોએ તેને હેરાન કર્યો છતાં લેનદેનથી સમજૂતી થઇ અને તે આગળ વધ્યો અને વેન્ગોમાં તેણે જુના ઉંટ ઘોડાઓ વેચીને નવા ખરીદ્યા.

દિલ્હીમાં ભવ્ય સ્વાગત

ત્યાં થી ચાલી થત્તા થઇ ફતહબાગ પહોંચે છે. અહીં તેને લાહરી બંદરનો ગવર્નર બનાવવાની પેશકશ કરવામાં આવતા તે ઇન્કાર કરી આગળ વધે છે અને ખબર પહોંચે છે, ત્યાંનો સુલતાન તેને ભેટસોગાદ સાથે દિલ્હી હુમાયું બાદશાહ પાસે મોકલે છે, તે મુલ્તાન લાહોર થઇ દિલ્હી આવે છે તેના આગમનની ખબર બાદશાહને થતાં તે સ્વાગત માટે ખાનખાનાં અને બીજા મોટા અફસરોને ૪૦૦ હાથી, હજારથી વધુ માણસો મોકલે છે. શાહી મેહમાનખાનામાં ભવ્ય સ્વાગત થાય છે. તે બાદશાહને એક ભેટ અને હિન્દુસ્તાનની જીત પર એક ગઝલ ભેટ ધરે છે અને પ્રવાસ ચાલુ રાખવા વિનંતી કરે છે, પરંતુ બાદશાહનો આગ્રહ ચોમાસા પછી પ્રવાસ કરવાનો થતાં તે ચોમાસુ ત્યાંજ રોકાય જાય છે. દિલ્હી રોકાણ દરમિયાન બાદશાહ સાથે તેની સાહિત્યિક મેહફિલો જામતી. સંજોગાવસાત જે દિવસે હુમાયું સીડી (દાદર) પરથી પડી ગયો અને મૃત્યુ પામ્યો તે દિવસે સીદી અલી ત્યાંજ હતો અને પરત થવાનો પરવાનો હાસલ કરી ચૂકયો હતો. (ક્રમશ)

એક તણખલાની વાત

હનીફ નાડત. કોંટ

બિલ્કીશ આપા... આવતી કાલે હું આવી શકું એમ નથી. જમવાનું બનાવી ઝરીનાએ એની શેઠાણીને ઉપરોક્ત વાત કરી. ભવ્ય સીટીંગ રૂમમાં સોફા ઉપર બેઠીબેઠી મોબાઇલ જોતી બિલ્કીશ આપાએ આંખના ઇશારે જ ઝરીનાને પ્રશ્ન કર્યો. આપા... આવતી કાલે બપોરે મારા પપ્પા ગામડેથી અહીં મુંબઇ મારા ઘેર પ્રથમ વખત આવી રહયા છે... માટે મારે એમને લેવા બોરીવલી સ્ટેશને જવુ પડશે... મારા પપ્પા કર્ણાવતી એકસપ્રેસમાં આવવાના છે માટે. સારૂ કંઇ વાંધો નહીં ઝરીના આવતી કાલે અમો કોઇ સારી હોટલમાંથી જમવાનું મંગાવી લઇશું... તુ તારે કાલે ન આવતી. ઝરીનાને એક દિવસની રજા મળી એટલે એ મનોમન રાજી થય.

ઝરીના અને એનો પતિ ઝુબેર બોરીવલીની એક ઝુપડપટ્ટીમાં નાના એવા ઘરમાં રહેતા હતા. એમને એક ત્રણ વરસની બેબી પણ હતી. ઝુબેર મંબઇમાં કોઇ શેઠની ટેકસી ભાડેથી ફેરવતો. જ્યારે ઝરીના ત્રણેક વર્ષોથી ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝના નામાંકિત ડાયરેકટર મહેબુબખાનના બંગલે જમવાનું બનાવવાની નોકરી કરતી હતી. સવારે દશ વાગે ઝરીના બંગલે પહોંચી જઇ સવાર-સાંજનું જમવાનું બનાવે. પોતે પણ જમે અને સાંજે આવતી વેળાએ ચાર ખાનાનું મસમોટુ ટીફીન લેતી આવે એમાં એને સાંજના જમવાનું ઘરે બનાવવું ન પડતું. ડાયરેકટર મહેબુબખાન તો ઝરીના બંગલે સવારે પહોંચે એ પહેલા જ પોતાના ધંધે નીકળી જતા. ભાગ્યેજ ઝરીના અને મહેબુબ ખાનનો આમને સામને ભેટો થતો... પણ ઝરીનાની રસોઇ થી એ પણ ખુશ હતો અને બિલ્કીશ આપા પણ...

મહેબુબ ખાનનો ભવ્ય બંગલો દરીયા કિનારે હતો. ગેટ આગળ બંદુકધારી વોચમેન, બંગલામાં પાંચેક નોકરો-નોકરાણીઓ હર વકત ખિદમત માટે હાજર રહેતા. ત્રણેક વર્ષો ઉપર ઝરીનાએ મુંબઇ સમાચાર છાપામાં એક રસોયણ જોઇએ છે ની એડ જોઇ અને એણે પતિ ઝુબેરને કહયું... ઝુબેર જુવો... હું ઘેર એકલી એકલી બેસી રહું એના કરતા આવુ કંઇ કામ કરૂ તો? તમે જો હા કહો તો જુવો આ છાપામાં એડ આવી છે... આપણે ટ્રાઇ કરીએ અને બીજે દિવસે બંને પતિ-પત્નિ ઉપડયા મહેબુબ ખાનના બંગલે... બિલ્કીશ આપાએ રસોઇને લગતી કેટલીક પ્રાથમિક માહિતી ઝરીનાને પુછી અને માતબર પગાર આપવાનું કહી ઝરીનાને બિલ્કીશ આપાએ સીલેકટ કરી લીધી. અલબત્ત ઝરીનાએ એક શરત મુકી કે મારી બેબી મારી સાથે આવશે. જે બિલ્કીશ આપાએ મંજુર કરી... અને ત્યાર થી તો આજ ત્રણ વરસો થયા ઝરીના બિલ્કીશ આપાના બંગલાની શાહી રસોયણ બની ગઇ. કયારેક સાંજનું ભોજન જમતા જમતા મહેબુબ ખાન બિલ્કીશને કહેતા પણ ખરા... ગજબનું જમવાનું બનાવે છે... આ ઝરીના... ભાઇ વાહ... એના હાથની કઢી-ખીચડી તો મને એવી પસંદ પડી કે બિલ્કીશ... કયારેક આ છોકરી આપણા ઘેર થી નોકરી છોડી દેશે ત્યારે આપણું શું થશે... એની ચિંતા થાય છે... મહેબુબ ચિંતા ન કરો... ઝરીના કયાંય નહીં જાય... હું પણ એને પગાર ઉપરાંત અવનવી ગીફટ આપી એને કાયમ રાજી રાખું છું અને આપણા બંગલામાં કિલ્લોલ કરતી એની નાની બેબીને પણ હું કાયમ અવનવા રમકડાંઓ-કપડાઓ લઇ જ આપું છું... સવારે ઝરીના આવે ત્યારથી સાંજે એ જાય ત્યાં સુધી આપણા આ સુના બંગલામાં ઝરીનાની એ નાની બેબીનો મીઠો કલરવ ગુંજી ઉઠે અને એ જાય એટલે ફરી આવા રજવાડાના મહેલ જેવા મહેલમાં એક સન્નાટો પ્રસરી જાય. મહેબુબ ખાન પત્નિની વાત સાંભળી ચુપ રહયો...

સન્નાટો હા... ડાયરેકટર મહેબુબખાનના બંગલામાં સન્નાટો જ હતો, કેમકે મહેબુબ ખાનને કોઇ સંતાન હતુ નહીં અને પતિ-પત્નિની વયમાં પણ જમીન આસમાનનો ફરક હતો. બિલ્કીશ પાંત્રીસ વરસની જયારે મહેબુબ ખાન વનમાં પ્રવેશી ચુકયા હતા. બિલ્કીશ મહેબુબ ખાનની બીજી પત્નિ હતી. પહેલી પત્નિએ ડીવોર્સ લઇ લીધા હતા. અલબત્ત પહેલી પત્નિને અઢળક રૂપિયા મહેબુબ ખાને આપવા પડેલા એ વધારાના બીજી પત્નિ બિલ્કીશ પણ ગુજરાતના એક ગામડાનીજ. નમણી નાજુક સૌંદર્યવાન બિલ્કીશ એનાથી મોટી વયના ને કેમ પરણી એ રહસ્ય તો ઝરીના પણ જાણી શકી નહીં... પણ ઝરીનાએ કયારેય એ વિષયમાં બિલ્કીશ આપાને પુછયું પણ નહીં... એ ભલી

કે એનું કામ ભલુ... પણ સન્નાટો વ્યાપેલો રહેતો એની ગંધ તો ઝરીનાને પણ આવતી... કયારેક ઝરીનાના મનમાં વિચારતી પણ ખરી કેવુ કજોડુ છે... બંનેનું બિલ્કીશ આપા ફિલ્મની કોઇ હિરોઇનને ટક્કર મારે એવી ને મહેબુબ ખાન સાવ વૃદ્ધ... પણ ઝરીનાના મનમાં ઉઠેલા આવા પ્રશ્નો મનમાં જ રાખતી કયારેય એ એની બિલ્કીશ આપાને કહેતી જ નહીં.

ચાલો પપ્પા રીક્ષા આંગણે આવીને ઉભી છે વહેલી સવારે ફજરની નમાઝ પઢીને આવી હસન ચાચા એના દિકરા સોયબ જોડે કર્ણાવતી પકડવા ભરૂચ જવા તૈયાર થયા. પપ્પા... લો... આ ઝરીના બેન માટે તુવેરસીંગ-રીંગણ અને દેશી ઘી છે અને હા... આ દુધનો બાટલો પણ સાચવીને ઝરીના બેન માટે લઇ જજો. રીક્ષામાં બેસતા હસન ચાચા ઉપરોકત વસ્તુ પુત્રવધુએ આપી. હસન ચાચા હશે સાઇઠ વર્ષના પણ હજુ ટટ્ટાર હતા. સોયબે પપ્પાનું ટ્રેનનું રિઝર્વેશન કરાવ્યું હતું અને સોયબ ભરૂચ પપ્પાને ટ્રેનમાં બેસાડીને પરત ઘેર આવતો રહેવાનો હતો. હસન ચાચા એકલા દિકરી ઝરીના ને ઘેર પ્રથમ વખત જઇ રહયા હતા.

વહેલી સવારની ઝરીના કાગડોળે પોતાના પપ્પાની વાટ જોઇ રહી હતી... ને એને એની મમ્મી યાદ આવી ગઇ... બિચારી મારી મમ્મી... હું દશમાં ધોરણમાં યુવાનીને ઉંબરે આવીને ઉભીને મારી મમ્મી અલ્લાહને પ્યારી થય ગઇ. મમ્મીનું સ્મરણ થતા ઝરીનાની આંખો ભીની થઇ ને ફરી વિચારવા લાગી... મારા પપ્પા... નો સંસાર તો મારી મમ્મીની આસપાસ ઘુમરાયા કરતો હતો. મમ્મીના જવાથી મારા પપ્પા અટુલા પડી ગયા... સગાઓએ કોઇ સારુ પાત્ર શોધીને ફરીથી થેકાણે પાડવા ઘણાં ટાંટયા તોડયા પણ મારા પપ્પા એકના બે ન થયા ને મારા મોટાભાઇ સોયબને પરણાવી લાવ્યા... અને મારી તાહેરા ભાભીએ પણ કદી મને નણંદ ન ગણી જાણે અમે સગી બહેનો જ હોઇએ એમ રહયા... અને મારા લગ્ન થયા... અને હું એક દિકરીની મા પણ બની ગઇ. ભાઇ-ભાભી તો મારા ઘેર બે-ત્રણ વાર આવી ગયા હતા પણ મારા પપ્પા આજ પ્રથમ વખત દિકરીને ઘેર આવતા હતા.

બપોરે ૧૨-૧૦ વાગ્યે કર્ણાવતી બોરીવલી આવીને ઉભી. જેવી ટ્રેન ઉભી રહી કે બીલ્કુલ દરવાજા સામે જ ઝરીના અને દામાદ ઝુબેર ઉભા હતા. ઝરીના પોતાના પપ્પાને વળગીને રડી પડી... નો રડ બેન... નો રડ... પિતા રડતી દિકરીને છાની રાખતા હતા... ત્યાં ઝુબેરના હાથમાંથી નવાસીને પોતાની પાસે લીધી... અંતે ઝુબેરની ટેકસીમાં ચારેવ ઘેર આવ્યા. ઝરીનાએ પપ્પા માટે ભાવતા ભોજન સવારના જ બનાવી રાખ્યા હતા. ઝરીના બહેનના પપ્પા ગામડેથી આવ્યા છે એ જાણી અડોશ-પાડોશની ઝરીનાની સહેલીઓ વારા ફરતી ઝરીનાના પપ્પાને મળવા આવતી રહી... ઝુપડપટ્ટીમાં નાના એવા ઘરમાં આનંદનો પ્રસંગ હતો. આખી ગલીમાં થોડી વારમાં ખબર પ્રસરી ગઇ કે ઝરીનાના પપ્પા ગામડેથી આવ્યા છે અને સાંકડી ખોલીઓમાં રહેતા વિશાળ હૃદયના ગરીબ માણસો ઝરીના અને ઝુબેરની ખુશીમાં સામેલ થયા... ઝરીના ખુશ ખુશાલ પોતાના પપ્પા પાસે બેઠી... નવાસી નાનાને ટગર-મગર જોયા કરતી.

હસન ચાચા આંઠ દિવસ મુંબઇ દિકરીના ઘેર રહેવાના હતા. બીજે દિવસે સવારે ઝરીના મહેબુબ ખાનના બંગલે પહોંચી... અલી ઝરીના તારા પપ્પા આવી ગયા કે? હા આપા...આવ્યા... ઝરીનાએ કહયું. જો સાંભળ તારા પપ્પાને એક દિવસ અહીં આપણા ઘેર લેતી આવજે... મારા તરફથી એમને જમવાની દાવત... બિલ્કીશે કહયું. થોડી આનાકાની પછી પરમ દિવસે મારા પપ્પાને લઇને આવીશ... એમ ઝરીનાએ બિલ્કીશને કહયું.

અને સાચે જ ત્રીજે દિવસે દામાદ ઝુબેર એની ટેકસીમાં ઝરીના અને સસરાને મહેબુબ ખાનના બંગલે મુકી ગયો. વિશાળ મહેલના આગળ ભવ્ય બગીચો... બંગલાની પાછળ ઘુઘવાટા મારતો અરબી સમુદ્ર વાતાવરણમાં બગીચાના ઇંગ્લીશ ફુલોની મીઠી-મીઠી ફોરમ... હસન ચાચા તો આ બંગલો જોઇને પ્રભાવિત થયા. એઓ અંદર પહોંચ્યા. નવાસી નાનાના ખોળામાં હતી. બિલ્કીશ આપા ભવ્ય સોફા ઉપર બીરાજમાન હતી... આપા... આ મારા પપ્પા... ઝરીના બોલી અને બિલ્કીશ હસન ચાચાને જોઇ જ રહી... આવો આવો...

દાદા... બિલ્કીશે મીઠો આવકાર આપ્યો. ઝરીના એના નિત્યક્રમ પ્રમાણે એના પપ્પાને બેસાડીને કિચનમાં પ્રવેશી. ઝરીનાના ચ્હા-નાશ્તો લઇને આવી અને હસન ચાચાએ વાતની શરૂઆત કરી... બહેન તમારો આભાર... કાયમ મારી ઝરીના ફોન ઉપર તમારા વખાણ કર્યા કરે છે... બિલ્કીશ આપા આમ ને બિલ્કીશ આપા તેમ... બહેન સાચે જ તમને આજે રૂબરૂ જોઇને મને ઘણો આનંદ થયો... બહેન મુંબઇમાં રહેવાનું અને ઉપરથી આ કારમી મોંઘવારી આવા કપરા કાળમાં મારી દિકરીને સહારો આપ્યો... મારો ખુદા તમારૂ ભલુ કરે... ના... ના... દાદા... સહારો નહીં... તમારી ઝરીના છે જ કામમાં હોશિયાર... એ એવા ખંતથી રસોઇ બનાવે કે અમે એનાથી રાજી થયા અને અમે કયાં દાન આપીએ ઝરીના અમારે ઘેર મહેનત કરે અમે તો એના ઉપકારી છીએ કે ભાવતા ભોજન અમને જમવા મળે.

બપોરનું ભોજન હસન ચાચાએ સહુ સાથે એક વિશાળ ડાયનીંગ ટેબલ ઉપર બેસીને લીધુ. મહેબુબ ખાન હાજર ન હતા. સાચે જ મારી ઝરીના આવી આવી વાનગીઓ પણ બનાવતી હશે! એ આજે પહેલી વખત હસન ચાચાએ જોયું... અને મનમાં બોલ્યાયે ખરા... એની મમ્મી હકી... ઉશ્યાર. સાંજે ઝરીના એના પપ્પા એ બિલ્કીશના બંગલેથી વિદાય લીધી. દાદા ફરી કયારેક આવજો... અને હા... તમારી ઝરીનાની ચિંતા ન કરતા... હું બેઠી છું... નચિંત રહેજો... જતા જતા બિલ્કીશે કહયું.

હસન ચાચાને ઝરીના તો વિદાય થયા, પણ બિલ્કીશ વિચારોના વૃંદાવનમાં ખોવાય ગઇ. વિચારવા લાગી કયાં આ ગરીબડા બાપ દિકરી, ને કયાં હું... દિકરી પ્રત્યે બાપને કેટલો મોહ! અને એક મારો બાપ... (હાક થું) બાપનું નામ વિચારતા જ બિલ્કીશના મનમાં કડવાશ ભળી... મારો બાપ અને મારી મા એ પૈસાની લાયમાં મને આ સોનાના પિંજરે કેદ કરી દીઘઈીને... અરે... મારા પણ કંઇક સમણા હતાને? ને ઉંચકીને આ બીજવર જોડે મને બળજબરી પરણાવી દીધી... બાપને દિકરી કરતા પૈસા વ્હાલા લાગ્યા. આજે મારી બંને નાની બહેનોએ એમના મનપસંદ યુવકો જોડે લગ્ન કર્યા ને હું? સોનાની ચીડીયા બનીને આ મહેલમાં કેદ થઇ ગય... એ સાચુ મહેબુબ ખાન ફિલ્મનો ડાયરેકટર છે. અઢળક રૂપિયો છે એમની પાસે... પણ... કશુંક મારા જીવનમાં ખુટતુ હોય એમ મને સતત કેમ લાગ્યા કરે... મારો સુનો સંસાર સુની કોખ... સુની રાત્રી-સુના દિવસો... અચાનક એના બાપનો દિલાસો એને આગના તણખાની જેમ મગજમાં ઝળકયો... જો બિલ્કીશ દિકરા... આવુ સરસ માંગુ આપણે દિવો લઇને શોઘવા જઇશું તો પણ મલવાનું નથી અને દિકરી તારી આ બંને નાની બહેનોનું પણ જરા વિચાર... સુકા ભઠ રણમાં વરસાદના પ્રથમ ટીપાએ ફના થવુ જ પડે... વિચાર બેટા વિચાર... બાપના આ વરસાદના ટીપા વાળી વાત કાયમ બિલ્કીશને ડંખ્યા કરતી... હા... બિલ્કીશ જોડે લગ્ન કર્યા પછી મહેબુબ ખાને પોતાના સસરાના જુના ઘરને તોડી ભવ્ય બંગલો ગામડે બનાવી આપેલો અને નાની બહેનોને ભણાવવાનો ટોટલ ખર્ચો પણ મહેબુબ ખાન કરતો અને સસરાને સમયે સમયે માતબર રકમ પણ આપતો... પણ... દિકરી બિલ્કીશ... ના જીવનની અઘુરપ કાયમ રહી... બસ વૈભવ હતો... રૂપ-સૌંદર્ય હતુ પણ મહેક વિનાના ફુલ જેવુ... બિલ્કીશ ઘણીવાર આવુ વિચારતી રહી... અંતે માથુ ભારે ભારે લાગવા માંડયું ને બેડરૂમમાં નિસાસા નાંખતી ઉંઘની ગોળી ગળીને ઉંઘવાનો વ્યર્થ પ્રયાસ કરતી રહી.

આંઠ દિવસ આનંદમાં દિકરીના ઘરે રહીને અંતે હસન ચાચા ગામડે આવવા બોરીવલી સ્ટેશને ઉભા... દિકરી ઝરીનાના આંખના ખુણા ભીના હતા... નાની નવાસી એની કાલીઘેલી ભાષામાં નાનાને કહી રહી હતી... નાના અબ્બા નો જાવનીલા... હસન ચાચાએ નવાસીને ગળે વળગાડી... કર્ણાવતી આવીને ઉભી... રડતા હૈયે ઝરીનાએ એના પપ્પાને વિદાય કર્યા.

ઝુપડપટ્ટીના તણખલા જેવા માનવીઓ ઝરીનાના પપ્પાની વિદાયથી ઉદાસ થયા. ઝરીનાની એક બહેનપણીએ વાતાવરણ હલકુ કરવા કહયું... ઝરીના ભાભી તમારા પપ્પા તો ભાઇ ઓલ્ડ નહીં ગોલ્ડ હતા. ■

જમતી વખતે કેમ વાત ન કરવી જોઇએ ?

તમારી બધી શકિત ખોરાકને પચાવવા માટે વપરાય છે

એવી માન્યતા છે કે જયારે પણ તમે ખોરાક ખાઓ છો, ત્યારે તમને તેને પચાવવા માટે શકિતની જરૂર પડે છે. આવી સ્થિતિમાં, જો તમે જમતી વખતે વાતો કરવામાં તમારી ઉર્જા વેડફી નાંખો છો, તો તમારું ભોજન યોગ્ય રીતે પચતું નથી અને તમને તેનો પૂરો ફાયદો નથી મળતો. આટલું જ નહીં, ઉતાવળમાં વાત કરતી વખતે ખાવામાં આવેલો ખોરાક તમારા સ્વાસ્થ્યને પૂરો લાભ આપતો નથી.

ભોજન સમયે વાત કરવાથી મન અશાંત થઇ શકે છે

એવું માનવામાં આવે છે કે જો આપણે જમતી વખતે વાત કરીએ તો કયારેક કોઇ નેગેટિવ વિચાર સામે આવી શકે છે અને તેના કારણે તમારું મન વિચલિત થઇ શકે છે, જયારે જો તમે ચુપચાપ ખાશો તો કોઇ નકારાત્મક વિચાર સામે નથી આવતો અને તમને પૂરો ફાયદો મળી શકે છે.

મોટાભાગે સાંસારિક બાબતોની ચર્ચાને લીધે મન અશાંત રહે છે અને શરીરની આસપાસ દુ:ખદાયક શકિત અને ભ્રામક સુખનો પડદો પણ રચાય છે. તેથી વ્યકિતને અલ્લાહ તરફથી રક્ષણ મળતું નથી. આ કારણથી જમતી વખતે મૌન રહેવું જરૂરી છે.

જમતી વખતે વાત ન કરવાના વૈજ્ઞાનિક કારણો

જો તમે જમતી વખતે વાત કરો છો, તો તમારું ગળું એક જ સમયે બે વસ્તુઓ કરવાનો પ્રયાસ કરે છે, જમતી વખતે ખોરાકને અંદરની તરફ ગળી જાય છે અને વાત કરતી વખતે વિરૂદ્ધ દિશામાં હવા બહાર મોકલે છે.

કારણ કે તમે એકસાથે બે વસ્તુઓ કરવાનો પ્રયાસ કરી રહયાં છો તેના માટે ગળાને વિરૂદ્ધ દિશામાં કામ કરવાની જરૂર છે. આ કારણે, તમે ગૂંગળામણની શકયતાઓ વધારી શકો છો, જેનાથી મૃત્યુનો ડર પણ બની શકે છે.

જમતી વખતે વાત કરવાથી ખોરાક શ્વાસ નળીમાં અટવાઇ શકે છે

આપણને ઘણીવાર સલાહ આપવામાં આવે છે કે જમતી વખતે વાત ન કરો. વાસ્તવમાં, આના માટે વૈજ્ઞાનિક કારણો પણ છે. જો આપણે વિજ્ઞાન માનીએ છીએ, તો જમતી વખતે વાત કરવાથી તમારો કેટલોક ખોરાક તમારી ફૂડ પાઇપમાં જવાને બદલે તમારા શ્વસનની નળીમાં અટવાઇ શકે છે.

આ એટલા માટે છે કારણ કે જયારે આપણે વાત કરીએ છીએ ત્યારે શ્વાસ નળી ખુલે છે અને ખોરાક શ્વાસ નળીમાં પ્રવેશી શકે છે. આનાથી શ્વાસ નળીમાંથી ખોરાકની સામગ્રીને બહાર કાઢવા માટે ગંભીર ઉધરસ થઇ શકે છે અથવા ગૂંગળામણમાંથી જે ગંભીર હોઇ શકે છે અને જીવલેણ હોઇ શકે છે. તેથી, ખાતી વખતે વાત કરવાની સલાહ આપવામાં આવતી નથી. આ સિવાય વાત કરવાથી તમારી જીભ તમારા દાંતની વચ્ચે આવી શકે છે, જેનાથી અનેક પ્રકારના નુકસાન થઇ શકે છે. ■

ગેરતમંદ ફકીરી

ગરીબી મેં હૂં મહસૂદે અમીરી
કે ગેરતમંદ હે મેરી ફકીરી !

હઝર ઉસ ફકો-દરવેશી સે જિસને
મુસલમાં કો સિખા દી સરબુઝીરી.

અર્થાત: ગરીબીમાંય અમીરી માટે હું ઇર્ષ્યારૂપ છું કે મારી ફકીરી ગેરતમંદ છે. મને મારી આબરૂનું ભાન છે. એવી ફકીરીથી દૂર રહેવું જ સારૂં કે જેણે મુસલમાનોને માથું ઝુકાવતાં, ભાઇબાપા કરતાં શીખવી દીધું છે.

– અલ્લામા ઇકબાલ

ચા પીતા પહેલાં પાણી પી લેજો, ખૂબ ફાયદો થશે

આપણી રોજની જીવનશૈલીમાં ચા મહત્વનું સ્થાન ધરાવે છે. સવારની શરૂઆત જ ચા પીવાથી થાય છે અને સાંજે પણ ગરમાગરમ ચા પીવી દરેકને ગમે છે. ચા પીવાથી કેટલાક લોકોને સમસ્યાઓ પણ થતી હોય છે. જો આ સમસ્યા ન થાય તેવી ઇચ્છા હોય તો ચા પીતા પહેલા પાણી પીવું તેવી આદત પાડી લો. ચા પીધા પછી તુરંત પાણી પીવું હાનિકારક છે, પરંતુ ચા પીતા પહેલા પાણી પી લેવું ફાયદાકારક સાબિત થશે. જો તમે ચા પીતા પહેલા પાણી પીવાની આદત પાડી લેશો તો શરીરની ઘણી બધી સમસ્યાઓ દવા વિના જ મટવા લાગશે.

ચા પીતા પહેલા પાણી પી લેવાથી શરીરની પાણીની જરૂરિયાત પૂરી થાય છે અને પાચન તંત્ર સક્રિય થઇ જાય છે. તેના કારણે પાચન ક્રિયા સારી રહે છે.

ચા માં કેફીન હોય છે જે શરીરમાં પાણીની ઊણપ સર્જે છે. ચા પીતા પહેલા પાણી લેવાથી શરીરમાં પાણીની ખામી સર્જાતી નથી.

જો તમે ચા પીતા પહેલા પાણી પી રહયાં છો તો શરીરને હાઇડ્રેટ રાખવામાં મદદ મળશે અને પાચન ક્રિયા પણ સુધરશે.

: પાણી પીવાથી સ્કિનને થતા ફાયદા:

ચા પીતા પહેલા પાણી પીવું સ્કિન માટે પણ ફાયદાકારક છે. તેનાથી સ્કિનને જરૂરી હાઇડ્રેશન મળે છે અને સ્કિનની ઇલાસ્ટીસિટી વધે છે. આ આદતથી સ્કિન વધારે સુંદર દેખાય છે.

જયારે તમે પાણી પીવો છો તો શરીરની અંદરથી ટોકિસન બહાર નીકળી જાય છે અને ત્વચા પર ચમક બની રહે છે.

કિડની માટે ફાયદાકારક : પાણી પીવાથી કિડનીની કામ કરવાની કેપેસિટી વધે છે. કિડની શરીરમાંથી વેસ્ટ મટીરિયલને બહાર કાઢવાનું કામ કરે છે. સવારે ખાલી પેટ ચા પી લેવાથી કિડનીની કાર્યશૈલી પ્રભાવિત થાય છે. તેનાથી વિરુદ્ધ ચા પીતા પહેલા પાણી પી લેવાથી કિડની પર પ્રેશર ઓછું આવે છે. ■

પલાળેલા તલ ખાઓ, વર્ષો જૂની કબજિયાત ભગાડો

ઘણા લોકોને કબજિયાતની તકલીફ રહેતી હોય છે. વર્ષો જૂની કબજિયાત હોય તો તેને મટાડવા માટે પલાળેલા તલ ઉપયોગી સાબિત થાય છે. પલાળેલા તલ પોષક તત્વથી ભરપૂર હોય છે. ખાસ તો તેનાથી કબજિયાત મટી જાય છે. તલ કબજિયાતને અસરકારક રીતે મટાડે છે. તલમાં ફાઇબરનું પ્રમાણ સૌથી વધારે હોય છે. તલ આપણા પાચનતંત્રને દુરસ્ત રાખે છે. તલમાં પ્રોટીન પણ હોય છે જે સ્નાયુને મજબૂત બનાવે છે અને શારીરિક વિકાસમાં મદદ કરે છે. શાકાહારી લોકો માટે તલ પ્રોટીનનો ઉત્તમ સોર્સ છે. તલનું સેવન નિયમિત કરવાથી પાચન સુધરે છે અને હાડકા પણ મજબૂત થાય છે. પલાળેલા તલ પચાવવામાં સરળ હોય છે અને તે ઘણા બધા ફાયદા પણ કરે છે.

પલાળેલા તલ ખાવાથી થતા ફાયદા

(૧) તલમાં ફાઇબરનું પ્રમાણ વધારે હોય છે તે આંતરડાની સફાઇ કરવામાં મદદ કરે છે અને મળને સરળતાથી બહાર કાઢે છે.

(૨) તલમાં હેલ્ધી ફેટ હોય છે જે કુદરતી લુબ્રિકન્ટ પ્રદાન કરે છે, જેના કારણે આંતરડામાં જામેલો મળ પણ સરળતાથી નીકળી જાય છે.

(૩) તલમાં મેગ્નેશિયમ અને કેલ્શિયમ જેવા તત્વો હોય છે, જે પાચનતંત્રને સુધારે છે. તેનાથી કબજિયાત નહિં સમસ્યા થવાનું જોખમ પણ ઘટે છે.

(૪) તલમાં એન્ટિઓકિસડન્ટ અને ઓમેગા ૬ ફેટી એસિડ હોય છે. આ તત્વ ત્વચાને સ્વસ્થ અને યુવાન રાખે છે. સાથે જ તેનાથી વાળને પણ ફાયદો થાય છે.

(૫) તલમાં હેલ્ધી ફેટ હોય છે જે હાર્ટ માટે પણ સારા હોય. તેનાથી બેડ કોલેસ્ટ્રોલ પણ કંટ્રોલમાં રહે છે. ■

ડાયાબિટીસ

બાળકના શરીરને રોગીષ્ઠ બનાવી દે છે. જો નાનપણથી સ્વાસ્થ્ય માટે યોગ્ય કાળજી લેવામાં આવે તો ડાયાબિટીસને ચોક્કસપણે અટકાવી શકાય છે. ડાયાબિટીસ અટકાવવા માટે નીચે જણાવેલ સાદા પરંતુ ખુબ જ અગત્યના પગલાં લેવા જોઇએ.

<u>(૧) કુટુંબમાં ડાયાબિટીસનો ઇતિહાસ:-</u> જે વ્યક્તિના મા-બાપ, દાદા-દાદી, કાકા-ફૂઇ, માસી કે મામાને ડાયાબિટીસની બીમારી હોય તેમને ડાયાબિટીસ થવાની શક્યતા અન્ય લોકો કરતાં વધુ હોય છે. એટલે દરેક વ્યક્તિએ પોતાના કુટુંબમાં કોને કોને ડાયાબિટીસ છે; એ દરેકને કંઇ ઉંમરે લાગુ પડ્યો હતો અને એમાંથી કોણ વધુ વજન કે મોટુ પેટ ધરાવે છે તે જાણી લેવી જરૂરી છે. જો કુટુંબમાં ઘણાં લોકોને ડાયાબિટીસ હોય તો એ વ્યક્તિએ વિશેષ કાળજી રાખવી જોઇએ. યોગ્ય કાળજીથી કુટુંબમાં ડાયાબિટીસની બીમારી હોવા છતાં ૮૮% જેટલાં કિસ્સાઓમાં ડાયાબિટીસને ચોક્કસપણે અટકાવી શકાય છે.

<u>(૨) આદર્શ વજન જાળવી રાખો</u> :- જરૂર કરતાં વધારે ચરબી શરીરમાં જમા થાય ત્યારે વ્યક્તિનું વજન વધે છે. આદર્શ વજન કરતાં જેમ જેમ વજન વધતું જાય તેમ તેમ ડાયાબિટીસ થવાની શક્યતા વધે છે. વ્યક્તિનું આદર્શ વજન કેટલું હોવું જોઇએ તે એની ઊંચાઇના આધારે નક્કી થાય છે. ભારતીય પુરૂષોમાં વ્યક્તિનું આદર્શ વજન =(૨૧) ગુણ્યા (મીટરમાં માપેલ ઊંચાઇનો વર્ગ). એટલે કે પાંચ ફૂટ (=૦.૧૫ મીટર) ઊંચાઇ ધરાવતાં વ્યક્તિનું આદર્શ વજન = (૨૧) ગુણ્યા (૦.૧૫) ગુણ્યા (૦.૧૫) એટલેકે ૪૭.૨૫ કિલોગ્રામ! આ વિષયની વધુ માહિતિ જીવનશૈલી સંપૂટની "મેદવૃદ્ધિ" નામની પુસ્તિકામાં મળી શકશે. જેમનું વજન વધારે હોય છે તેઓ જો માત્ર પોતાના કુલ વજનમાંથી પાંચથી દશ ટકા જેટલું વજન ઘટાડી શકે તો ડાયાબિટીસ થવાની શક્યતા ૫૮ ટકા જેટલી ઘટી શકે છે. બીજા શબ્દોમાં સીત્તેર કિલો વજન ધરાવનાર જાડી વ્યક્તિ પોતાના વજનમાં ચારથી સાત કિલો જેટલો ઘટાડો છ મહિનાના ગાળામાં કરી શકે અને પછી એટલું વજન જાળવી રાખે તો ડાયાબિટીસ થવાની શક્યતા અડધી થઇ જશે.

<u>(૩) શારીરિક સક્રિયતા:-</u> શારીરિક સક્રિયતા વધારવાથી પણ ડાયાબિટીસને અટકાવવામાં મદદ મળે છે. રોજની ઓછામાં ઓછી ત્રીસ મિનિટ ઝડપથી ચાલવાની કે અન્ય કસરત કરવાથી ડાયાબિટીસને થતો જ અટકાવી શકાય છે. વજન ઘટાડવા માટે પણ વધુને વધુ શારીરિક સક્રિયતા ઉપયોગી થાય છે. ચાલવાની કસરત કરવા ઉપરાંત દિવસભર જ્યાં મોકો મળે ત્યાં શરીરને હલન ચલન આપતાં રહેવું ઉપયોગી થાય છે.

<u>(૪) સપ્રમાણ પેટ:-</u> તમારા શરીરમાં પેટના ભાગે જમા થયેલી ચરબી તમને અનેક બીમારી આપે છે. સાદી માપપટ્ટીની મદદથી તમે તમારા પેટનો ઘેરાવો જાતે જ માપી શકો છો. ભારતીય લોકોમાં પેટનો ઘેરાવો ૮૦ કે ૮૫ સે.મી.થી ઓછો હોય તો ડાયાબિટીસ જેવી બીમારી થવાની શક્યતા ખુબ ઓછી રહે છે. આ અંગે વધુ સંશોધન ચાલુ છે અને ભારતીય પુરૂષ અને સ્ત્રીના પેટના આદર્શ ઘેરાવાના ચોક્કસ માપ થોડા સમયમાં નક્કી થઇ શકશે.

<u>(૫) નિયમિત તબીબી તપાસ :-</u> ૩૫ થી ૪૫ વર્ષની વયના લોકોએ ડાયાબિટીસ ને થતો જ અટકાવવા માટે નિયમીત દાક્તરી તપાસ કરાવતા રહેવું જોઇએ. ડોક્ટરની સલાહ મુજબ ભૂખ્યા પેટે અને જમીને (અથવા ગ્લૂકોઝ પીને) બે કલાકે લોહી પેશાબમાં શુગરનું પ્રમાણ મપાવતા રહેવું જોઇએ. જેમનું વજન કે પેટનો ઘેરાવો વધારે હોય એમણે તો ખાસ આ પ્રમાણે તપાસ કરાવતા રહી જરાપણ વધારે શુગર આવે તો તરતજ ખોરાક ની પરેજી અને કસરતનો અમલ શરૂ કરી દઇ ડાયાબિટીસ થતા પહેલાં જ એને કાયમી જાકારો આપી દેવો જોઇએં

ડાયાબિટીસ નોંતરી શકે એવા પરિબળો ને પહેલેથી ઓળખી યોગ્ય જીવનપધ્ધતી અપનાવી ડાયાબિટીસ ને થતો જ અટકાવી શકાય છે, માત્ર આ માટે જરૂર છે - જાગૃતિ અને દૃઢ નિશ્ચયની.

*****

ડાયાબિટીસથી બચવુ હોય તો આજે જ જાગો....

(૧) વજન નોર્મલથી વધે નહીં એનું ધ્યાન રાખો. આદર્શ વજન બરાબર તમારી મીટરમાં માપેલ ઊંચાઇનો વર્ગ ગુણ્યા એકવીસ.

(૨) પેટનો ઘેરાવો થાપાના ઘેરાવા કરતાં ૯૦ ટકાથી ઓછો હોવો જોઇએ.

(૩) નિયમિત ૩૦ મિનિટ ચાલવાની કે અન્ય કસરત કરો.

(૪) ખોરાકમાં શકય એટલા વધુ રેસાયુક્ત ખાદ્યપદાર્થો (કઠોળ, શાકભાજી, ફળો અને આખાં ધાન્યો) વાપરો.

(૫) મેંદાવાળી, ખાંડવાળી અને ઘી-તેલથી ભરપૂર વસ્તુઓ ખાવાનું શકય એટલું ઓછું કરો.

(૬) માનસિક તાણ ન થાય એ પ્રમાણે કામનું આયોજન કરો. નિયમિત યોગ - ધ્યાન અને મનોશાંતિના પ્રયત્નો કરો.

(૭) બાળપણના ડાયાબિટીસને અટકાવવા માટે રસીની શોધ ચાલી રહી છે, જે સફળ થાય તો બાળપણના ડાયાબિટીસથી બાળકોને બચાવી શકાશે.

બ્લડપ્રેશર

★ કેટલા ગ્રામથી વધુ ઘી-તેલ ખાવાથી નુકસાન થાય છે?

■ રોજના ૨૫ ગ્રામથી વધુ ઘી-તેલ (ઘી અને તેલ મળીને) ખાવાં એ હાઇબ્લડપ્રેશરની બીમારી સાથે સંકળાયેલાં છે એવું આ અભ્યાસમાં જણાયું છે. ચરબીના પ્રકાર અને સ્ત્રોત પ્રમાણે એની આડઅસર થવાની શક્યતાઓ બદલાય છે.

★ તમાકુ, દારૂનો વપરાશ બ્લડપ્રેશર સાથે કઇ રીતે સંકળાયેલા છે?

■ ૧૯૩૧માં તમાકુનો વપરાશ ૦.૭ ટકા હતો જે ૧૯૯૧માં વધીને ૦.૯ ટકા જેટલો થયો છે. જેમ જેમ વ્યસનો વધે છે તેમ તેમ બ્લડપ્રેશર વધે છે. દારૂ પીધા પછી તરત જ બી.પી. વધે છે અને લાંબા ગાળા સુધી વધેલું રહે છે.

★ જાડાપણા અને હાઇબ્લડપ્રેશરને કોઇ સંબંધ છે?

■ બેઠાડું જિંદગી, વધુ પડતા ઘી-તેલવાળો ખોરાક જાડાપણાને નોતરે છે અને જાડાપણાને કારણે હાઇબ્લડપ્રેશર અને ડાયાબિટીસ જેવી તકલીફો ઉદ્ભવે છે. આ અભ્યાસમાં હાઇબ્લડપ્રેશર ધરાવનારાઓમાંથી ૮૬.૬ ટકા લોકોનું વજન વધારે હતું જ્યારે એ બીમારી ન હોય એમાંથી માત્ર ૩૮.૪ ટકા લોકોનું વજન જ વધારે હતું. વજન વધુ હોવા ઉપરાંત કમરનો વધુ ઘેરાવો (ફાંદ) પણ હાઇબ્લડપ્રેશર સાથે સીધી રીતે સંકળાયેલ જણાયો. કમરનો ઘેરાવો પુરુષોમાં થાપાના ઘેરાવાના ૮૮ ટકા કરતાં વધુ કે સ્ત્રીઓ માં ૮૫ ટકા કરતાં વધુ હોય એમને હાઇબ્લડપ્રેશર, ડાયાબિટીસ વગેરે તકલીફો થવાની શક્યતા ઘણી વધારે હોય છે.

★ શું શહેરી સ્ત્રીઓ કરતાં ગ્રામીણ સ્ત્રીઓમાં આ બીમારી ઓછી છે?

■ જી હા! ઘણા બધા અગાઉ થયેલા અભ્યાસો જણાવે છે કે ગામડાના લોકોમાં હાઇબ્લડપ્રેશરનું પ્રમાણ શહેરના લોકો કરતા ઓછું (લગભગ અડધું) હોય છે. ૧૯૪૦માં શહેરના લોકોનાં બે ટકા અને ગામડાનાં એક ટકા પુખ્ત વ્યક્તિઓમાં હાઇબ્લડપ્રેશરની બીમારી હતી. જ્યારે ૧૯૯૫માં આ બીમારીનું પ્રમાણ શહેરમાં ૧૯ થી ૨૫ ટકા જેટલું અને ગામડામાં ૮ થી ૧૦ ટકા જેટલું થઇ ગયું. ટૂંકમાં બધે જ હાઇબ્લડપ્રેશરનું પ્રમાણ વધ્યું છે. પરંતુ સ્વસ્થ જીવનશૈલીને કારણે ગામડામાં શહેરો કરતાં ઓછા પ્રમાણમાં બીમારી છે. આપણા દુર્ભાગ્યે શહેરીકરણ ખૂબ વધી રહ્યું છે. ૧૯૫૧માં ૧૭ ટકા વસ્તી શહેરમાં હતી જે આજે ૩૩ ટકા પર પહોંચી ગઇ છે.

જો વ્યક્તિ રોજ સરેરાશ ત્રણ કિ.મી.થી ઓછું ચાલવા જેટલો પરિશ્રમ કરતો હોય તો એ વ્યક્તિની જિંદગી બેઠાડુ ગણાય. ઘરમાં રસોઇ બનાવવી કે સાફસફાઇ કરવી એ કંઇ પૂરતી કસરત થયેલ ન ગણાય.

હાઇબ્લડપ્રેશરથી બચવા માટે શું કરવું?

★ રોજ ઓછામાં ઓછું ૩ કિ.મિ. ચાલવું.

★ રોજના ખોરાકમાં મીઠાનું પ્રમાણ ૬ ગ્રામથી ઓછું રાખવું.

★ રોજિંદા ખોરાકમાં ઘી-તેલ કે અન્ય ચરબીનું કુલ પ્રમાણ ૨૦ ગ્રામથી ઓછું હોવું જોઇએ. તેલ તરીકે સરસિયું કે રાયડાનું તેલ ખાવું જોઇએ.

★ રોજ ખોરાકમાં ઓછામાં ઓછા ૪૦૦ થી ૬૦૦ ગ્રામ જેટલાં શાકભાજી, ફળ અને કઠોળ ખાવાં જોઇએ.

★ તમારું વજન = ૨૧ ગુણ્યા (તમારી મીટરમાં માપેલી ઊંચાઇનો વર્ગ) જેટલું થવું જોઇએ.

★ તમારી કમરનો ઘેરાવો થાપાના ઘેરાવાના ૮૮ (પુરુષ માટે) કે ૮૫ ટકા (સ્ત્રીઓ માટે) કરતાં ઓછો હોવો જોઇએ.

★ તમારા લોહીમાં કોલેસ્ટેરોલનું પ્રમાણ ૧૭૦ મિ.ગ્રા./ડે.લી.થી ઓછું હોય તો ઉત્તમ અને કદી ૨૦૦ મિ.ગ્રા./ડે.લી.થી વધારે રહેવું જ ન જોઇએ.

★ ચા-કોફી-કોલા-તમાકુ-દારૂ વગેરે વ્યસનથી મુક્ત રહો

★ માનસિક શાંતિ માટે યોગાસન ધ્યાન વગેરે કરવાં જોઇએ.

★ કુદરતની નજીકનું અને સાદું જીવન જીવો.

હાઇબ્લડપ્રેશર એ છુપો કાતિલ છે
કોઇ પણ પ્રકારની તકલીફ કર્યા વગર એ શરીરને અંદરથી ભારે નુકસાન પહોંચાડે છે અને આ નુકસાનની જાણ વર્ષો પછી પેરાલિસિસ કે કિડની-હાર્ટ ફેઇલ થઇ જવાથી થાય છે.

ડોકટરની સલાહ મુજબ બ્લડપ્રેશરની દવા લેવાથી કોઇ લાંબા ગાળાનું નુકસાન થતુ નથી, પરંતુ બ્લડપ્રેશર ઘટાડવા દવાની જરૂર હોય તે છતાં દવા ન લેવાની બેકાળજી ક્યારેક જીવલેણ નીવડે છે.

દેશ-વિદેશના સમાચાર

ઇટાળવા

શાદી મંગણી:- જમીલ મુસા પાંડોર ના ફરજંદ મોહમ્મદની મંગણી બલેશ્વર મુકામે શાહેદાબીબી યાકુબ સીદાત સાથે થઇ છે.

ખુશ આમદીદ (જન્મ):- ઉઝેર અશરફ પટેલ ને ત્યાં છોકરીનો જન્મ થયો છે નામ આઇશાબીબી તથા મૌલાના અબ્દુલ્લાહ મીંયા ને ત્યાં છોકરીનો જન્મ થયો છે નામ બરીરા રાખ્યું છે.

ઇન્તેકાલે પુરમલાલ:- રશીદા અબુબકર મેહતર નો યુ.કે. ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

પરદેશથી આગમન:- આબેદા યુસુફ પટેલ તથા કારી ઇલ્યાસ ખંડ એમની અહેલીયા ફરીદાબહેન સાથે યુ.કે.ની ટુંકી મુલાકાત લઇ વતન પરત તથા અમીન યુસુફ પાંડોર મપુટોથી વતનની મુલાકાતે આવ્યા છે.

ઉમરાહ મુબારક:- અહમદ અબુબકર હાફેજી એમની અહેલીયા સલમાબહેન સાથે યુ.કે.થી ઉમરાહ કરી વતનની ટુંકી મુલાકાત લઇ યુ.કે.પરત ગયા છે.

પરદેશ ગમન:- ઉઝેર અશરફ પટેલ તથા મૌ. ઇસ્માઇલ હાફેજી યુ.કે.ની શુભેચ્છા મુલાકાતે ગયા છે તેમજ યુસુફ ઇસ્માઇલ કારા એમની અહેલીયા આઇશા બહેન સાથે વતનની ટુંકી મુલાકાત લઇ પનામા પરત ગયા છે.

GOLDEN PALM
KOSAMBA, DIST. SURAT

HOUSE FOR SALE

B 150

4 BHK HOUSE

FULLY FURNISHED WITH CUPBOARDS AND MODULAR KITCHEN

-: PLEASE CONTACT :-

NASEEMA GINWALA - 9662870310

વેસ્માં

પરદેશથી આગમન:- મુસા ઇબ્રાહીમ બોડીયાત તથા મહમદ યુસુફ પટેલ પનામાથી વતનની મુલાકાતે આવ્યા છે.

ઉમરાહ મુબારક:- સુલેમાન ઇસ્માઇલ દિલેર ફેમિલી સાથે ઉમરાહ કરી વતન પરત આવ્યા છે.

પરદેશ ગમન:- હારૂન મહમદ બોડીયાત સા.આફ્રીકા, અ.બાસીદ દિલેર રીયુન્યન, ખતીજા પટેલ કેનેડા, સાલેહા સાજીદ હસ્તા યુ.કે., સજજાદ સમાઉન હસ્તા મોરીશ્યસ, અબુબકર અલી મોહંમદ તરાજીયા તથા અ.હય અહમદ દિલેર વેસ્ટઇન્ડીઝ ગયા છે.

વરીયાવ

ઇન્તેકાલે પુરમલાલ:- મોહંમદ યુસુફ (અનવર) મામસા નો અમેરીકા ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

પરદેશથી આગમન:- ઇદ્રીસ અહમદ બાબર મામસા ફેમિલી સાથે યુ.કે.થી, અહમદ (ઇરફાન) યુનુસ કડવા ફેમિલી સાથે કેનેડાની તથા અહમદ (મુન્ના) મહમદ ભાઇમીંયા સા.આફ્રીકાની શુભેચ્છા મુલાકાત લઇ વતન પરત આવ્યા છે.

પરદેશ ગમન:- અ.રહમાન (અનીશ) મોહંમદ દાવજી ય.કે.ની શુભેચ્છા મુલાકાતે તથા મેહમુદ દાવુદ આટીયા એમના ફરજંદ અબ્દુલ્લાહ તથા હમઝા સાથે વતનની મુલાકાત લઇ ય.કે.પરત ગયા છે.

કાપોદરા

પરદેશથી આગમન:- ઇબ્રાહીમભાઇ પટેલ (ધોરાજી મોટા) કેનેડાથી, સલીમભાઇ જી. પાંડોર કેનેડાની તથા આયશા બહેન પાંડોર ઝામ્બીયાની મુલાકાત લઇ વતન પરત આવ્યા છે.

કોસંબા

ખુશ આમદીદ (જન્મ):- ડો. મોહંમદ બિલાલ જીવા ને ત્યાં છોકરા નો જન્મ થયો છે.

ઇન્તેકાલે પુરમલાલ :- સાબેરા મોહમ્મદ મુલ્લા તથા હાફેઝ મોહમ્મદ પટેલ નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

પરદેશથી આગમન :- કોસંબાના સરપંચ યાસ્મીન બહેન ફૈઝલ દાવજી યુ.કે. ની શુભેચ્છા મુલાકાત લઇ વતન પરત આવ્યા છે.

પરદેશ ગમન :- ખદીજા ઇમરાન પાંચભાયા સા.આફ્રીકા, સાજેદા જુબેર ભૈયાત (બાબુભાઇ સુલેમાનની દિકરી),આરીફ યાકુબ ખાનજી ફેમિલી સાથે તથા ડો. અબ્બાસ મોતાલા ફેમિલી સાથે યુ.કે. ગયા છે.

રાંદેર

ખુશ આમદીદ (જન્મ) :- ઉવેશ ઇસ્માઇલ મુરાદ ને ત્યાં છોકરા નો જન્મ થયો છે નામ મુઆઝ તથા રીઝવાન મોહંમદ ખમેરી ને ત્યાં છોકરાનો જન્મ થયો છે નામ મુહમ્મદ રાખ્યું છે.

અન્ય :- (૧) નગીના મસ્જીદ મોચીવાડના સને: ૨૦૨૫-૨૬ ના ટ્રસ્ટીઓ. જ.અહમદ આજમ ઇસ્માઇલ સા. - મેનેજીંગ ટ્રસ્ટી, જ.કારી અહમદ મો. હુશેન મુલ્લા સા. તથા ઇબ્રાહીમ કાસમ સાલેહભાઇ સા.- ટ્રસ્ટી. (૨) પાછલીઓલી નગીના મસ્જીદના સને: ૨૦૨૫-૨૦૨૬ ના ટ્રસ્ટીઓ. જ.ઇમરાન મોહંમદ જીવા સા.- મેનેજીંગ ટ્રસ્ટી, જ.ફીરોજ ઇબ્રાહીમ અલ્લુ સા. તથા જ.સુહેલ નઝીર મીચલા સા.-ટ્રસ્ટી. (૩) રાંદેર પીર ઉમર કારીની તાઇવાડા જુમ્મા મસ્જીદના સને: ૨૦૨૫-૨૦૨૬ ના ટ્રસ્ટીઓ. જ.ઇમરાન અહમદ ભામ સા.- મેનેજીંગ ટ્રસ્ટી, જ. ઇબ્રાહીમ હાસમ બપોરીયા સા. તથા જ.કાસીમ ગુલામમોહંમદ ઇસ્માઇલ સા.- ટ્રસ્ટી

આલુંજ

શાદી મંગણી :- સના ઇબ્રાહીમ જોગીયાત ની મંગણી કોસાડ મુકામે યાહયા યુનુસ ભરૂચી સાથે થઇ છે.

ખુશ આમદીદ (જન્મ) :- મોહંમદ અ.સમદ નોરાત ને ત્યાં છોકરાનો જન્મ થયો છે નામ હસનૈન રાખ્યું છે.

ઉમરાહ મુબારક :- મૌ.સોહેલ શબ્બીર ટોપીયા તથા ઇસ્માઇલ શબ્બીર ટોપીયા ઉમરાહ કરી આવ્યા છે.

furaat

TECHNICAL ADVICE FOR PLANNING & DESIGNING OF RAINWATER HARVESTING SYSTEM



FURAAT Invites Institutions, University Campuses, Housing Societies, Masjid, Madresa, Hotels, Industries Requiring Technical Guidance For Implementation Of Rainwater Harvesting System (RWH).

We at **FURAAT EXPERIENCE CENTER** Will Be Available For Technical Support On Every Friday & Saturday Between **3-00 to 7-00 PM** at Below Mention Office. If you are Interested Kindly Take a Prior Appointment.



FURAAT EXPERIENCE CENTER

G-15, RAJSHREE CITY CENTER, OPP. SMC WATER TANK, SAGRAMPURA MAIN ROAD, SURAT

mamsaibrahim832@gmail.com 98252 29832 96620 00502

જા. ઝખ.

પરદેશ ગમન :- સલીમ યાકુબ નોરાત ની દિકરી ઝેનબ એમના મિસ્ટર સાથે યુ.કે. તથા આયશા ઐયુબ નોરાત વતનની મુલાકાત લઇ પેરીસ પરત ગયા છે.

ઉમરાહ મુબારક :- કાસમ મહમદ ટોપીયા એમની અહેલીયા સમીમબહેન સાથે તથા તોસીફ કાસમ ટોપીયા એમની અહેલીયા સાથે પેરીસથી ઉમરાહ કરવા ગયા છે.

કઠોર

પરદેશથી આગમન :- ઉઝમા યુસુફ ઇશાક, સલીમ હુશેન સીદાત ફેમિલી સાથે, એહલામ ઇસ્માઇલ ઉમર કેનેડાથી, સીદીકા યુસુફ કાજી (ઇશાક) મસ્કતથી, હુમેરા યાકુબ દાદાભાઇ યુ.કે.થી, સાજીદ સુલેમાન હરીફ તથા અહમદ અસમાલ (ભચા) સા.આફ્રીકાથી વતનની મુલાકાતે આવ્યા છે.

ઉમરાહ મુબારક :- હવાગોરી સલીમ ડોબા તથા દાવુદ સલીમ ડોબા ફેમિલી સાથે ઉમરાહ કરી વતન પરત આવ્યા છે.

પરદેશ ગમન :- મૌ. ઇસ્માઇલ અસમાલ, નઝમા અ.કાદેર ઉમર, અસલમ અ.કાદેર ઉમર કેનેડા, રશીદા યુસુફ સીદાત યુ.કે., જાવીદ હુશેન મો. વાવડા ફેમિલી સાથે તથા સાજીદ ઐયુબ ઇશાક (જેક) સા.આફ્રીકા ગયા છે.

અન્ય :- ભારત દેશના પંજાબ પ્રાંતમાં કુદરતી આવેલ પાણીના પૂરમાં અસર ગ્રસ્તોની વહારે ઇન્સાનીયતના નાતે કઠોર સુન્ની વહોરા જમાઅત તરફથી રૂા.૫ લાખ અને કઠોર મેહફિલે રૌનકુલ ઇસ્લામ ટ્રસ્ટ તરફથી રૂા.૫ લાખ તેમજ કઠોર અને આંબોલીના તમામ ગ્રામજનોના ઘરે ઘર જઇને રોકડ રકમ રૂા. ૧૧ લાખ મળી કુલ રૂા. ૨૧ લાખ ભેગા કર્યા છે. એ અલ્લાહનો એહસાન અને કરમ છે. આ કાર્યોમાં તમામ જ્ઞાતિના લોકોના સાથ સહકારથી મદદ મેળવવામાં સફળતા મળી શકી છે. આ કાર્યમાં મદદ કરનાર જ. યુસુફભાઇ ઇશાક સા., મૌ.ઇસ્માઇલ અસ્માલ સા., જ.મો.ખાલિદ અસ્માલ સા., કારી ઝુબેર મુન્સી સા., જ.અશરફ રાંદેરી સા., જ.સુલેમાન ડોબા સા., જ. યુસુફ દાદાભાઇ સા., જ.યુસુફ સીદાત સા., જ.અસ્લમ સૈયદ સા., જ.ઇરફાન શેખ સા., જ.ઇકબાલ શેખ સા., જ.ઇમ્તિયાઝ બેલીમ સા., જ.સરફરાઝ શેખ સા., જ.ઇકબાલ-યુસુફ મેંધી સા., મૌ.અહમદ બાધર સા., જ.અઝીમ પઠાણ સા., જ.નાસીર બોસ્તાન સા.,

અભિનંદન

સાર્વજનિક હાઇસ્કૂલ, કાંગવઇનું વર્ષ ૨૦૨૫ માં ધોરણ ૧૨ નું ૧૦૦ ટકા પરિણામ આવવા બદલ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી નવસારી દ્વારા **આચાર્યશ્રી યુનુસભાઇ એફ. દિવાન સા.** નું જિલ્લા પંચાયત પ્રમુખશ્રી **પરેશભાઇ દેસાઇ સા.** અને ધારાસભ્યશ્રી **નરેશભાઇ આઇ. પટેલ સા.** ના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

શાળાના આચાર્યશ્રી યુનુસભાઇ દિવાન સા.ના માર્ગદર્શન હેઠળ બોર્ડ ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫ માં ધોરણ ૧૨ ની પરીક્ષામાં **સાર્વજનિક હાઇસ્કૂલ, કાંગવઇ** નું ૧૦૦ ટકા પરિણામની સિદ્ધિ હાંસલ કરી, જે બદલ શાળાના **ટ્રસ્ટીશ્રી અહમદ ઇ. મંગેરા સાહેબ** તેમજ શાળાનાં **આચાર્યશ્રી યુનુસભાઇ દિવાન સા.**એ શાળાના સૌ શિક્ષકોને ઉત્કૃષ્ટ કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા.

અંકલેશ્વરના પીરામણ સ્થિત ઇકરા ઇંગ્લિશ મીડીયમ હાઇસ્કૂલના પ્રમુખ **મૌલાના સુલેમાન ભૈયાત સા.**, જો. સેક્રેટરી **જ. ઉસ્માન ખાન સા.**, ટ્રસ્ટી **જ. યુનુસભાઇ નવાબ સા.**, તથા **જ. મહેબુબ ફિઝીવાલા સા.**, સેક્રેટરી **જ. ઇમરાન પટેલ સા.** દ્વારા શાળાની શરૂઆતથી સંસ્થા સાથે સંકળાયેલા પૂર્વ પ્રમુખ **મર્હુમ જ.જલાલુદ્દીન કુરેશી અલહાસમી સા.** (આ એવોર્ડ એમના ફરજંદ અનીસુદ્દીન કુરેશી સા. એ સ્વીકાર્યો હતો) તથા **જ. એસ.ડી. પટેલ સા.**ની સેવાની કદર રૂપે ટ્રસ્ટી મંડળ દ્વારા **લાઇફ ટાઇમ એચિવમેન્ટ એવોર્ડ** એનાયત કરાયા હતા. જે બદલ ખુબ ખુબ અભિનંદન.

મોહ. ફાતેમા સિદ્દીકી (પોપી) સા., મોહ. બાનુ આઠભૈયા સા., મોહ.સઇદા, ઉસ્માન ચાંદ સા.,જ.સલીમ રાણા સા., જ. અખ્તર મુગલ સા.,જ. શબ્બીર મલકાપુરી સા.,જ. કાદર મેમણ સા.,જ.અમીન પટેલ સા. તથા કઠોર ગામની તમામ મસ્જીદોએ મોટા પ્રમાણમાં મદદ કરી છે.

આંકડોદ

શાદી મંગણી :- કાસીમ શકીલ પટેલના નિકાહ મીરારોડ ખાતે ઇકરા (મુગીશા) સાથે થયા છે.

ઇન્તેકાલે પુરમલાલ :- સારાબીબી અ.રહેમાન કાઝીનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

પરદેશથી આગમન :- મૌ.મુસા કાઝી સા. એમની અહેલીયા જીબાઇબહેન તથા ફરજંદ ઝકરીયા સાથે, આઇશા હારૂન વડીયા તથા સઆદુર્રહેમાન ઇલ્યાસ કાઝી સા.આફ્રિકાથી વતનની મુલાકાતે આવ્યા છે.

પરદેશ ગમન :- ઉવેશ અ.સત્તાર કાઝી તથા મૌ.મહમદ મુસા કાઝી એમની અહેલીયા ફરીદાબહેન સાથે કેનેડા ગયા છે.

અન્ય :- આંકડોદ ગામની ટીમ પંજાબ તથા જમ્મુ - કાશ્મીરના રેલ પીડીતોની મુલાકાત લઇ ગામમાંથી ઉઘરાવેલ રકમ રેલ પીડીતોને સહાયરૂપે આપી હતી. આ સહાય લઇને જ. ઇબ્રાહીમ કાઝી,જ.સુલેમાન કાઝી, જ.ઝીયાઉદ્દીન કાઝી,જ.ઝકરીયા કાઝી,જ. સુફીયાન કાઝી તથા જ. સફી કાઝી સા. ગયા હતા. આ કામમાં તમામ ગામવાસીઓનો ખુબજ સહકાર મળ્યો હતો.

ઉમરવાડા

શાદી મંગણી :- યુ.કે. નિવાસી ઝૈદ યાકુબ ગંગાત (ઘડીયાળી) ની શાદી વડોદરા મુકામે થઇ છે.

ખુશ આમદીદ (જન્મ) :- કેનેડા ખાતે ફૈયાઝ ઇકબાલ પટેલ ને ત્યાં છોકરા નો જન્મ થયો છે નામ મઆઝ તથા સાજીદ ઇસ્માઇલ પટેલ ને ત્યાં છોકરાનો જન્મ થયો છે નામ અહમદ રાખ્યુ છે.

ઇન્તેકાલે પુરમલાલ :- ઇસ્માઇલ મેહમુદ ભૈયાત (માસ્તર) તથા હાફીઝ ઝુબેર સુલેમાન મુલ્લાં (ચાચા) નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

પરદેશ આગમન :- ઝૈદ યાકુબ ગંગાત (ઘડીયાળી) યુ.કે.થી વતનની મુલાકાતે આવ્યા છે.

જાહેર આભાર

અસ્સલામુ અલયકુમ વ.વ.

અમારા વાલીદ સાહેબ જનાબ ઐયુબ મુશેજી કાઝી સાહેબ નો તા.૨૮-૦૮-૨૦૨૫ ના જુમેરાતના રોજ આંકડોદ મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

અમારા ઉપર આ અચાનક આવી પડેલ દુ:ખમાં અમારા કુટુંબીજનો, સગા-સંબંધીઓ, દોસ્ત - બીરાદરો, હમદર્દો, હિતેચ્છુઓ, સ્નેહીજનો, વિવિધ સંસ્થાઓના કાર્યકરો, ઉલમાએ કિરામો, નામી - અનામી મુરબ્બીઓએ મોટી સંખ્યામાં જનાઝામાં શિર્કત ફરમાવી તથા ઘરે રૂબરૂ આવી તેમજ દેશ - પરદેશથી ફોન,વોટ્સ અપ,ઇ-મેલ દ્વારા દિલશોજી પાઠવી અમારા દુ:ખમાં શરીક થયા તે સર્વે સાહેબોનો હમો અંત:કરણ પૂર્વક આ મુખપત્ર વહોરા સમાચાર દ્વારા જાહેર આભાર માનીએ છીએ.

અલ્લાહપાક સર્વે સાહેબોને જઝાએ ખૈર અતા ફરમાવે, મર્હુમની બાલ-બાલ મગફીરત ફરમાવે અને જન્નતુલ ફીરદોસમાં આલા મુકામ અતા ફરમાવે. આમીન સુમ્માઆમીન.

મર્હુમના હકમાં દુઆએ મગફીરત કરવા સર્વેને નમ્ર ગુજારીશ છે.

લિ. હમો છીએ આપની દુઆના તાલીબ

મો.હનીફ (બાબુ) ઐયુબ કાઝી એન્ડ ફેમિલી - આંકડોદ
ઇલ્યાસ ઐયુબ કાઝી એન્ડ ફેમિલી - આંકડોદ
ઝીયાઉદ્દીન ઐયુબ કાઝી એન્ડ ફેમિલી - કોસંબા
મૌલાના અનવર ઐયુબ કાઝી એન્ડ ફેમિલી - મલાવી

વહોરા સમાચારના જાહેરાતના નવા દરો

જાન્યુઆરી - ૨૦૨૫ થી વહોરા સમાચાર પેપરનો GST નંબર આવી ગયો છે. જેમાં ચાલુ માસથી વહોરા સમાચાર પેપરની જાહેરાત ઉપર નીચે મુજબના દર લાગુ પડશે જે બાબત તમામ જાહેરાત આપનાર સાહેબોએ ધ્યાનમાં લેવા વિનંતી.

સાઇઝ	જાહેરાત દર	GST	ટોટલ
આખુ પેજ	રૂા. ૨૦૦૦	રૂા.૩૬૦	રૂા. ૨૩૬૦
અડધુ પેજ	રૂા. ૧૨૦૦	રૂા.૨૧૬	રૂા. ૧૪૧૬
પા પેજ	રૂા. ૬૦૦	રૂા.૧૦૮	રૂા. ૭૦૮
મીનીમમ પેજ	રૂા. ૩૦૦	રૂા. ૫૪	રૂા. ૩૫૪

નોંધ:- વહોરા સમાચારમાં આવતી જાહેરાત કે લેખ સાથે તંત્રી કે સંસ્થા સહમત છે એવું માનવું નહીં.કોઇ પણ સંસ્થાની જાહેરાત લેટરપેડ ઉપર તથા સહી-સિક્કા વાળી હશે તો જ છાપવા અંગે વિચારણા કરવામાં આવશે.

વહોરા સમાચારમાં લવાજમ મોકલવાનું ઠેકાણું

વહોરા સમાચાર, સુફીબાગ, રેલ્વે સ્ટેશન સામે, સુરત - ૩૯૫૦૦૩

એકાઉન્ટ નંબર :- ૦૭૪૩૦૨૦૦૦૦૦૧૮૫, બેંક ઓફ બરોડા, સુફીબાગ બ્રાન્ચ, સુરત-૩

IFSC CODE :- BARB0SUFIBA

અભિનંદન, એસ. ડી. પટેલ સાહેબ

સૌથી પહેલા કેટલાક વર્ષો પહેલાં ક્રિકેટ લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડ મળ્યો હતો અને હવે ૮૭ વર્ષની વયે તમે તમારા ટ્રોફી કેબિનેટમાં ઇકરા સ્કૂલ તરફથી મળેલ લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડ ઉમેર્યો છે. મેદાન પર રન બનાવવાથી લઇને સમાજના હૃદય જીતવા સુધી તમે બતાવ્યું છે કે સાચો ચેમ્પિયનશિપ કદી નિવૃત્ત થતો નથી.અમારા પરિવાર તરફથી હું તમને હાર્દિક અભિનંદન અને સતત આરોગ્ય માટે દુઆઓ પાઠવું છું તેમજ વધુ ઘણાં વર્ષો સેવા અને આનંદમાં વિતાવો એવી શુભેચ્છાઓ પાઠવું છું. અલ્લાહ તઆલાની આપ પર ભરપૂર રહેમત રહે અને શિક્ષણ તથા રમતગમત બંને ક્ષેત્રોમાં આપનું જીવનભરનું યોગદાન આવતી પેઢીઓ માટે પ્રેરણારૂપ રહે. **- અહમદ ઇસ્માઇલ પાંડોર, કાપોદ્રા (યુ.કે.)**

Congratulations, S. D. Patel Sahib

Firstly, You received the Cricket Lifetime Achievement Award a few years ago, and now at the age of 87, You have added the Lifetime Achievement Award from IQRA SCHOOL to your trophy cabinet. From scoring runs on the field to winning the hearts of the community, You have shown that a true chmpion never retires.

On behalf of our family, I extend my heartfelt congratulations and prayers for continued good health, and many more years of service and happiness. May Allah Almighty shower his abundant blessings upon you, and may your lifelong contribution in both the fields of education and sports be an inspiration to generations to come.

- Ahmed Ismail Pandor, kapodra (U. K.)

જા.ઝખ.

ઇન્તેકાલે પુરમલાલ

- દાવતે તબ્લીગ, અંકલેશ્વરના ઝિમ્મેદાર **જનાબ ડો. અશરફખાન પઠાણ સાહબ** નો **તા.૨૦-૯-૨૦૨૫** ના **શનિવાર**ના રોજ **અંકલેશ્વર** મુકામે ઇન્તેકાલ થયો છે. **(ઇ. લી.)** એમની દફનવિધી **પીરામણ** મુકામે કરવામાં આવી હતી.
- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **જનાબ જાવીદ યાકુબ કરોડીયા સાહબ** (માસ્તર) ના નાના ભાઇ **જનાબ મો.ઝાહીદ કરોડીયા સા.** નો **તા.૨૨-૯-૨૦૨૫** ના **સોમવાર**ના રોજ **ખરોડ** મુકામે ઇન્તેકાલ થયો છે. **(ઇ. લી.)**
- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **જનાબ ફારૂકભાઇ બાવા સાહબ** નો **તા.૨૪-૯-૨૦૨૫** ના **બુધવાર**ના રોજ **મોસાલી** મુકામે ઇન્તેકાલ થયો છે. **(ઇ. લી.)**
- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **જનાબ સલીમ ઇબ્રાહીમ પાંડોર સાહબ** (માસ્તર) નો **તા.૨૫-૯-૨૦૨૫** ના **જુમેરાત**ના રોજ **મો.માંગરોલ** મુકામે ઇન્તેકાલ થયો છે. **(ઇ. લી.)**

અલ્લાહપાક ઉપરોક્ત મર્હુમોની બાલ-બાલ મગફીરત ફરમાવી જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે તેમજ સર્વે કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે. આમીન.

વહોરા સમાચાર પ્રતિનિધી જોગ

વહોરા સમાચારમાં સમાચાર મોકલનાર પ્રતિનિધી ભાઇઓને નમ્ર વિનંતી કે ગામના કે સંસ્થાના સમાચાર ટુંકા અને મુદ્દાસર લખવા તથા દર માસની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા.

વહોરા સમાચાર ગ્રાહક જોગ

(૧) વહોરા સમાચારના અંકો દેશ તથા પરદેશમાં દર માસની ત્રીજી તારીખે એક સાથે પોસ્ટ કરવામાં આવે છે. જેમને અંક ન મળે કાર્યાલયમાં જાણ કરતા સ્ટોકમાં હશે ત્યાં સુધી અંકો રવાના કરવામાં આવશે.પરંતુ દેશમાં અંક ન મળવાનીફરીયાદ જે તે ગામની પોસ્ટ ઓફિસને પણ અવશ્ય કરવા વિનંતી.

(૨) વહોરા સમાચારને લગતા કોઇ પણ કામ માટે નીચે આપેલ મો.નંબર ઉપર તેમજ ઇ-મેલ ઉપર સંપર્ક કરી શકો છો.

મોહમદ અસલમ વાચ. પટેલ - મોબાઇલ નંબર 098241 84657

E-mail:-vohrasamachar@yahoo.com, vohrasamachar@gmail.com

બાટલી - યુ.કે.

રજુ કર્તા :- જ. મોહંમદભાઇ પાંડોર સા. જીતાલીવાલા

ઇન્તેકાલે પુરમલાલ:- મુફ્તી મુસા બદાત સાહેબ બલેશ્વર વાળા નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

ઉમરાહ મુબારક:- અશરફભાઇ પટેલ વાડાગામ વાળા સહકુટુંબ સહીત ઉમરાહ કરીને પરત આવ્યા છે.

આપણા સમાજનું ગૌરવ

B.H.M.S.

આપણી સોસાયટીના માજી પ્રમુખ મર્હુમ જનાબ મહમદ યુસુફ પટેલ સા. કોસંબા ના નવાસા તેમજ આપણી સંસ્થાના લાઇફ મેમ્બર ડૉ.અસ્લમ આદમજી દરસોત સા. સંજાલી ના સુપુત્ર મુહમ્મદ એ પારૂલ યુનિવર્સીટી, વડોદરા દ્વારા લેવાયેલ B.H.M.S. ની પરીક્ષા પાસ કરી ડૉક્ટર ની પદવી મેળવી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

B.Pharmacy

વરેઠીના વતની અને આપણી સોસાયટીના સ્કોલર મીસ્બાહ હનીફ મોતાલા એ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી દ્વારા લેવાયેલ BACHELOR OF PHARMACY ની પરીક્ષા શ્રી ધનવંતરી ફાર્મસી કોલેજ, કીમ માંથી પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

M.A. ECONOMICS

રાંદેરના વતની મીસ સારા ગુલામ મોહંમદ વહોરા એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટી માંથી Master of Arts, Economics માં **Gold Medal** પ્રાપ્ત કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

M.B.A.

કાપોદરાના વતની હમઝા મોહંમદ પાંડોર એ પી.પી. સવાણી યુનિવર્સીટી, ધામરોડ દ્વારા લેવાયેલ Master of Business Administration માં MBA IN HR & MARKETING માંથી પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

B.H.M.S.

આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ તેમજ **રાંદેર** ઇસ્લામ જીમખાના ના પ્રમુખ **જ.અબ્બાસભાઇ હાંસ સા.** ની સુપુત્રી **ઝૈનબ હાંસ** એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટી દ્વારા લેવાયેલ B.H.M.S. ની પરીક્ષા સી.ડી. પચ્ચીગર કોલેજ,સુરત માંથી પાસ કરી ડૉક્ટર ની પદવી મેળવી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. તે બદલ મુબારકબાદ.

S.S.C. માં સફળ થયેલા પ્રતિભાશાળી તારલાઓ -૨૦૨૫

સાઇમા ઇબ્રાહીમ આમલીવાલા
ગામ: શાહ, ૯૭.૮૩ %

આઇશા ઇસ્માઇલ પાંચભાયા
ગામ: મોસાલી, ૮૯.૩૩ %



સેહનીલા અબ્દુલ ઉમર
ગામ: નાનીનરોલી, ૭૩.૧૬ %

હમઝા આસીફ ઇકબાલ કારા
ગામ: નાનીનરોલી, ૭૨.૦૦ %

સફીયા શોકત દેસાઇ
ગામ: નાનીનરોલી, ૭૧.૫૦ %



ફાતેમા અબ્દુલ્લાહ તરકી
ગામ: નાનીનરોલી, ૭૧.૧૭ %

સાઇમા સોયબ અસ્વાત
ગામ: નાનીનરોલી, ૬૫.૦૦ %

સમીરા મો.હનીફ જાડા
ગામ: નાનીનરોલી, ૬૩.૦૦ %

Phone No.0091-261-2420097

OCTOBER - 2025

VOHRA SAMACHAR VALID UP TO 31-12-2026.
Licence No.040 inland 081 For Foreign

PUBLISHED ON LAST DATE OF EVERY-MONTH , AT NATRAJ PRINTERS, SURAT

RNI No.9372/57"Registerd No.SRT-004/2024 -2026"
2000 Copies Posted at SR RMS at 3rd of Every month

on date of posting 03-10-2025

વહોરા સમાચાર લવાજમના વાર્ષિક દર નીચે પ્રમાણે છે.
દેશમાં વાર્ષિક લવાજમ રૂ.૨૦૦, દેશમાં લાઇફ મેમ્બર ફી રૂ.૩૦૦૦, પરદેશમાં વાર્ષિક લવાજમ (બાય એર મેલ) રૂ.૧૩૦૦,
પરદેશમાં લાઇફ મેમ્બર ફી રૂ. ૫૦૦૦ (એર ચાર્જ રૂ. ૧૦૦૦ વાર્ષિક ભરવાના રહેશે.), છુટક નકલ કિંમત રૂ.૨૦.૦૦

A Humble Appeal to Generous Donors

Respected Donors & Well Wishers

Assalamo alaykum v.v.

We express our co-hearted gratitude to our philanthropists donors from all over the world for their generous charities to the Suratee Sunni Vohra Muslim Education Society - SURAT

This is the era of digital techniques where computer and IT related courses are the most demandable so society has decided to start BCA (Bachelor in Computer Application) college in AYDTI campus. Initially the construction of about 8500 Sq. ft. started and total cost of BCA College will be INR 1,30,00,000/- (1.3 Crores)

Our one of the most philanthropist donor from United Kingdom JANAB MOHAMED KASIM SABAT SAHEB has given commitment of 50% donation of total cost of project.

So we are requesting to all our well-wishers to donate maximum as possible by you in "Lillah"

The name of proposed Institute will be "SABAT INSTITUTE OF COMPUTER SCIENCE"